P.09

કૃતિ સેનનની 'દો પત્તી' પર કોપી કરવાનો આરોપ

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

P.09

રશિયન વ્લાદિમીર રાષ્ટ્રપતિ પુતિને ભારતને ગણાવ્યો 'મહાન દેશ'

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૯૪ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક સુદ ૦૯ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 94 • Dt. 10-11-2024 Sunday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125






દક્ષિણ ભારતમાં અનેક રાજ્યોમાં આંધી અને તોફાન સાથે વરસાદની આગાહી



09

10 NOVEMBER- 2024 SUNDAY



09

ગોવા આવતા વિદેશી પર્યટકોની સંખ્યામાં અચાનક કેમ તોતિંગ ઘટાડો






CMYK

### મ્યુનિ.નાં સરક્યુલર સામે વર્ગ બે તથા ત્રણનાં કર્મચારીઓમાં સખત નારાજગી

# બાયોમેટ્રિક હાજરી ફરજિયાત કરાતાં AMC કચેરીઓમાં કર્મચારીઓની લાઇનો લાગી

**કામ હોય ત્યારે મોડે સુધી રોકાઇએ છીએ તેની કોઇ નોંધ ના લેવાઇ : નારાજ કર્મચારીઓની હૈયાવરાળ**






। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

મ્યુનિ.માં ફરજ બજાવતાં વર્ગ બે અને ત્રણનાં કર્મચારીઓ માટે બાયોમેટ્રિક્સ હાજરી ફરજીયાત બનાવાતાં મુખ્ય કચેરી સહિત તમામ કચેરીઓમાં સવાર સાંજ હાજરી પૂરવાનાં મશીન આગળ કર્મચારીઓની લાઈનો લાગવાની શરૂઆત થઈ ગઈ છે, તેના પગલે ખાસ કરીને મહિલા કર્મચારીઓમાં નારાજગી વ્યાપી ગઈ છે.મ્યુનિ. કર્મચારી આલમનાં સૂત્રોએ કહ્યું કે, મ્યુનિ.નાં વર્ગ બે અને ત્રણનાં કર્મચારીઓની બાયોમેટ્રિક્સ મશીન ઉપર હાજરી પૂરવાનાં અને તેના આધારે પગારબિલ બનાવવાનો સરક્યુલર જારી કરાયો છે. જેમાં વર્ગ બે અને ત્રણનાં કર્મચારીઓનો ઓફિસ આવવાનો સમય ૧૦.૩૦ તથા જવાનો સમય ૬.૧૦નો છે. પરંતુ જો કોઈ કર્મચારી ત્રણ વાર મોડા આવે તો તેમની એક દિવસની કેજ્યુઅલ રજા બાદ કરવાની રહેશે તેમજ સાંજે છ વાગ્યે જવા માંગતા કર્મચારીઓને ૧૦ મિનિટની છુટછાટ એક મહિનામાં વધુમાં વધુ ત્રણ વખત આપી શકાશે તેવી સૂચના આપવામાં આવી છે.મ્યુનિ.નાં વર્ગ બે અને ત્રણનાં કર્મચારી પોતાની ફરજ ઉપર સમયસર હાજર થાય અને કામનાં કલાકો દરમિયાન ફરજ ઉપર હાજર રહે તેવા હેતુસર કરાયેલાં સરક્યુલરને પગલે મ્યુનિ.ની મુખ્ય કચેરી તેમજ ઝોનલ-વોર્ડ કચેરીઓમાં મુકાયેલાં બાયોમેટ્રિક્સ મશીન આગળ સવાર-સાંજ ભીડ જામે છે અને લાઈનો લાગે છે. ત્યારબાદ મ્યુનિ.કર્મચારીઓ એકસામટા જ બહાર રોડ ઉપર નીકળતાં હોવાથી ટ્રાફિકની સમસ્યા પણ સર્જાવાની શરૂઆત થઈ છે.મ્યુનિ.નાં સરક્યુલર સામે વર્ગ બે તથા ત્રણનાં કર્મચારીઓમાં સખત નારાજગી જોવા મળી રહી છે. આ કર્મચારીઓનુ કહેવુ છે કે, મ્યુનિ.માં ફરજ બજાવતાં તમામ કર્મચારી જ્યારે કામ હોય કે જરૂર હોય ત્યારે રાતદિવસ જોયા વગર અને સમયની ગણતરી કર્યા વગર ફરજ બજાવે છે. તેની નોંધ લેવાને બદલે નિયમિતપણે મોડા આવતાં અને વહેલાં જતા રહેતાં કર્મચારીઓને સીધા કરવાની જવાબદારી તેમનાં વડા અધિકારીની છે, જે નિભાવવાને બદલે બધાને હેરાન કરવામાં આવી રહ્યાં છે.કર્મચારીઓએ તો ત્યાં સુધી કહ્યું કે, સ્વચ્છ સર્વેક્ષણની વાતો થાય છે, પરંતુ સફાઈ કામદારોની હાજરી પૂરવામાં અધિકારીઓ ગભરાય છે અને તેમની હાજરી પૂરવા માટે મુકાયેલાં બાયોમેટ્રિક્સ મશીન બગાડી નાખી લાખોનુ નુકશાન કરાવાયુ ત્યાં કોઈ પગલા લેવાયા નથી.

## અંકલેશ્વરમાં છઠપૂજાના દિવસે ગુમ થયેલા બાળકની રહસ્યમય સ્ટોરી

। પ્રતિનિધિ, ભરૂચ, તા.૯ ।

આપણી આસપાસ અને સમાજમાં જે પ્રકારે ઘટનાઓ બની રહી છે જેને જોતાં લાગે છે કે ઘોર કળિયુગની શરૂઆત થઈ ગઈ છે. એક જમાનામાં પહેલો સગો પડોશી કહેવાતો હતો, પરંતુ જ્યારે અંકલેશ્વરનો આ કિસ્સો વાંચ્યા બાદ પડોશી પરથી વિશ્વાસ ઉઠી જશે. આવો જાણીએ શું છે સમગ્ર ઘટના... વાત જાણે એમ છે કે અંકલેશ્વરના જીતાલી વિસ્તારમાંથી છઠ પૂજાના દિવસે એક આઠ વર્ષનો બાળક ગુમ થયો હતો. જેને લઈને પરિવાજનોએ બાળકનું અપહરણ થયું હોવાની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે તપાસ કરતાં પાડોશીના ઘરમાં રાખેલી લોખંડની પેટીમાંથી ગુમ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાને પગલે સોસાયટીના રહીશો ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. પોલીસે લોખંડની પેટીમાંથી મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. બાળકને મોતને ઘાટ ઉતારી દેનાર પાડોશી પર આસપાસના રહીશો ધિક્કાર વરસાવી રહ્યા છે.

## ગાંધીનગરના દંતાલીમાં મિલકત બાબતે બબાલમાં થયું ફાયરિંગ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ ।

રાજ્યમાં અવારનવાર જૂથ અથડામણની ઘટના સામે આવતી હોય છે. ત્યારે ગાંધીનગરના દંતાલીમાં ફાયરિંગની ઘટના સામે આવી છે. પૂર્વ આર્મીમેને પિતા- પુત્ર પર ફાયરિંગ કરતા પુત્રનું સ્થળે જ મોત થયું છે. ત્રણ રાઉન્ડ ફાયરિંગમાં અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી એકની હાલત વધારે ગંભીર છે.પોલીસે મુખ્ય આરોપી રમેશ ભરવાડની ધરપકડ કરી છે. ફાયરિંગ કરી પૂર્વ આર્મીમેન ફરાર થયો હતો. ઘટનાની જાણ થતા પોલીસના કાફલાએ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. સ્થળ પરથી ફૂટેલી કારતૂસ જપ્ત કરાઈ છે. પોલીસે આરોપીને પકડવા તપાસ હાથ ધરી છે.બીજી તરફ જામનગરના કાલાવડના હરિપર મેવાસા ગામે ફાયરિંગ અને જૂથ અથડામણની ઘટના સામે આવી છે. એક જ કોમના બે જૂથ વચ્ચે ફટાકડા ફોડવાને લઈ બબાલ થઈ હતી.

## શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ‘રખડતાં ઢોર’નું ‘રાજ’

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

દિવાળીના તહેવારો અને વેકેશન દરમિયાન હાલ શહેરના રસ્તાઓ પર ફરી એકવાર ‘રખડતાં ઢોર’નો ‘રાજ’ જોવા મળી રહ્યો છે. હાઈકોર્ટ દ્વારા રખડતાં ઢોર સહિતના શહેરના જ્વલંત મુદ્દાઓ મામલે વિવિધ આદેશો કરવામાં આવ્યા છે, તેમ છતાંય જાણે તંત્ર હાઈકોર્ટના આદેશો પર આંખ આડા કાન કરતું હોય એવો ઘાટ હાલ સર્જાયો છે અને ફરીવાર શહેરના રસ્તાઓ પર ઢોરના ટોળેટોળાં દેખાઈ રહ્યા છે. હાઈકોર્ટના આદેશના અમલની જવાબદારી ગૃહવિભાગના એડી. ચીફ સેક્રેટરી એમ.કે. દાસ અને અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ સેક્રેટરી અશ્વિનીકુમાર ઉપરાંત તમામ જિલ્લાના મ્યુનિસિપલ અને પોલીસ કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો અને સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ(જીં)ની રહેશે એવો આદેશ હાઈકોર્ટે કર્યો હતો. તેમ છતાંય હાઈકોર્ટના આદેશના અમલ દેખાઈ રહી છે અને નાગરિકો ફરી એકવાર તંત્રની દયાના ભરોસે હોય એવું જણાઈ રહ્યું છે. રખડતાં ઢોરના કારણે રાજ્યમાં અમદાવાદ સહિત અનેક શહેરોમાં ગંભીર દુર્ઘટનાઓ બની છે અને લોકો ઈજાગ્રસ્ત થયા છે અને મૃત્યુ પણ પામ્યા છે. આ સમસ્યા મુદ્દે હાઈકોર્ટના આદેશોનો અમલ નહીં થતાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટની કાર્યવાહી અત્યારે પણ હાઈકોર્ટ સમક્ષ ચાલી રહી છે.

### અનેક લોકો આગમાં ફસાયા

# નવસારીના ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં લાગેલી ભીષણ આગમાં ત્રણ લોકોનુ મોત નિપજ્યું



। પ્રતિનિધિ, નવસારી, તા.૯ ।

ગુજરાતના નવસારી જિલ્લાથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. નવસારીના ગણદેવીમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ભીષણ આગ લાગવાથી ત્રણ લોકો આગમાં બળી મોતને ભેટ્યાં છે. આ સિવાય અન્ય ત્રણ લોકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાં છે. તેમજ હજું અનેક લોકો આગમાં ફસાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આગની ઘટનાની જાણ થતાં જ ફાયરની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયાસ કરી રહી છે.

મળતી માહિતી મુજબ, ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવીનાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ગોડાઉનમાં જ્યારે ટ્રકમાંથી બેરલ ખાલી કરવામાં આવી રહ્યાં હતાં, ત્યારે એકાએક તેમાં ભડકો થયો. આ ભડકો થતાંની સાથે જ તેણે તુરંત આગનું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું. ભડકો થતાંની સાથે જ ત્રણ લોકો આગની લપેટમાં આવતાં ત્યાંને ત્યાં જ જીવતા ભૂંજાઈ ગયાં છે, તેમજ ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની માહિતી સામે આવી છે. આગની ઘટના સામે આવતાં જ તુરંત ફાયર વિભાગને બોલાવવામાં આવ્યું હતું. જોકે, આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બીલીમોર, ગણદેવી, નવસારી અને ચીખલી જેવા વિસ્તારોમાંથી પણ ફાયરની ટીમોને બોલાવવામાં આવી છે. ફાયરની ટીમ સમગ્ર આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મજુબ, ટ્રકમાંથી કેમિકલના બેરલ ખાલી કરતાં અઅચાનક આગ લાગી હતી. નીચે પણ ઘણી જગ્યાએ કેમિકલ ઢોળાયું હોવાના કારણે આગે વિકરાળ સ્વરૂપ લીધું હતું. આગ પર કાબૂ મેળવી ફસાયેલા લોકોને બચાવવાના પ્રયાસ કરાયા હતા.

## જામનગરમાં ફટાકડા ફોડવા બાબતમાં થયેલી બબાલ

। પ્રતિનિધિ, જામનગર, તા.૯ ।

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાં રહેતા એક ખેડૂત પરિવારના સાત સભ્યો પર શુક્રવારે જૂની અદાવતનો ખાર રાખીને તેમજ ફટાકડા ફોડવા બાબતે તકરાર કરીને પડોશી આરોપીઓએ બંદૂકના જોટા સહિતના હથિયાર વડે ફાયરિંગ કર્યું હતું. તેમજ છરી વડે તેમજ પથ્થર વડે હુમલો કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે કાલાવડ તાલુકાના હરીપર મેવાસા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ફિરોજભાઈ કાસમભાઈ હાલાણી નામના ૪૫ વર્ષના ખેડૂત યુવાને પોતાના ઉપર તેમજ પોતાના પરિવારના સાત સભ્યો ઉપર દેશી બંદૂક સહિતના હથિયાર વડે ફાયરિંગ કરી જાનથી મારી નાખવાના ઈરાદે પથ્થર મારો કરીને હુમલો કરવા અંગે પાડોશી યુનુસ તૈયબભાઈ હાલેપોત્રા તેમજ આસિફ તૈયબભાઈ હાલેપોત્રા ઉપરાંત આમીનભાઈ હાલેપોત્રા અને મામદભાઈ નાથાભાઈ સમા વગેરે સામે ફરિયાદ નોંધાવી છે.

## નારોલમાં ફટાકડાં ફોડવા બાબતે મારામારી કરી ઘરમાં તોડફોડ

। પ્રતિનિધિ, નવી દિલ્હી, તા.૯ ।

નારોલના પૂજા બંગ્લોઝમાં ગુરુવારની રાત્રે ફટાકડા ફોડવાની બાબતે થયેલી તકરારમાં ચારથી વધુ લોકોએ પરિવાર પર હુમલો કરી ઘરમાં તોડફોડ કરી હતી. નારોલ પોલીસે એક મહિલા અને બે પુરુષ સામે ગુનો નોંધ્યો છે.નારોલના પૂજા બંગ્લોઝમાં આકાશ ગુપ્તા (ઉં. ૩૧) પરિવાર સાથે રહે છે અને જમાલપુરમાં કરિયાણાની દુકાન ધરાવે છે. ગુરુવારે રાત્રે આકાશના ઘરે બહેન અને બનેવી આવ્યા હતા. રાત્રે પરિવારના સભ્યો, બહેન-બનેવી આકાશભાઈના ઘર બહાર ફટાકડા ફોડી રહ્યા હતા તે દરમિયાન પડોશી જગદીશ મહારાજ અને રોહિત રાજપૂત હોકી અને લાકડી લઈને આવ્યા હતા. આટલી મોડી રાત્રે ફટાકડા કેમ ફોડો છો કહીને આકાશ, તેના બહેન અને બનેવી સાથે તકરાર કરી હોકી, લાકડી મારી હતી.




## ગુજરાતમાં ચોરી, લૂંટ-ધાડના કિસ્સાઓમાં ધરખમ વધારો થયો

# ભાજપના શાસનમાં મંદિરોમાં ચોરીની ૫૦૧ ઘટના : કોંગ્રેસના પ્રવક્તા હિરેન બેન્કર

### છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતનાં મંદિરોમાંથી કુલ રૂપિયા ૪.૯૩ કરોડની રોકડ અને મુદામાલ ચોરાયો

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૯ ।

ગુજરાતમાં ચોરી, લૂંટ-ધાડના કિસ્સાઓમાં ધરખમ વધારો થયો છે. હિન્દુત્વની દુહાઈ દેતી ભાજપ સરકારમાં મંદિરો-ભગવાન પણ સલામત નથી તેવી સ્થિતિ સર્જી છે. કરોડો ગુજરાતીઓના આસ્થાનું સ્થાન શક્તિપીઠ પાવાગઢ સહિત રાજ્યના અનેક ધાર્મિક સ્થાનોમાં ચોરી-લૂંટ-ધાડની ઘટના વધી રહી છે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં મંદિરોમાંથી ચોરીમાં કુલ રૂ.૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ અને મુદામાલની ચોરી થઈ છે. ગુજરાતમાં ૨૦૨૧માં ૧૫૧ મંદિરમાં, ૨૧-૨૨માં ૧૭૮ મંદિરમાં અને ૨૦૨૨-૨૩માં ૧૭૨ મળીને કુલ ૫૦૧ ચોરીની ઘટના બની છે. હથિયાર સાથે ધાડની પણ પાંચ ઘટના બની છે ત્યારે ગુજરાતના મંદિરોની સુરક્ષા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવાની માગ કોંગ્રેસે કરી છે.ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા



હિરેન બેન્કરે સરકારના સલામતના મોટા મોટા દાવાની પોલ છતી કરતા આંકડા રજૂ કરતા જણાવ્યું છે કે, રાજ્યમાં માત્ર રહેણાક-વ્યવસાયિક વિસ્તારો જ નહીં, પરંતુ હવે મંદિરોમાં પણ બેફામપણે લૂંટ-ચોરીની ઘટનાઓ બની રહી છે. હિન્દુત્વની દુહાઈ દેતી સરકાર મંદિર-ભગવાનને પણ સલામતી આપવામાં નિષ્ફળ પુરવાર થઈ છે. મંદિરોમાં થઈ રહેલી ઘટના માત્ર સીસીટીવી લગાવી સુરક્ષાની સાંત્વના સરકાર આપી રહી છે, પરંતુ ભગવાનના નામે રાજનીતિ કરતો ભાજપ માત્ર મતનું તરભાણું ભરાય તેની ચિંતા કરે છે? નવરાત્રિના પર્વમાં પણ બહેન-દીકરીઓ પર થતા બળાત્કાર, વ્યાજખોરો-બૂટલેગરો બેફામ, ખુલ્લેઆમ દારૂ-ડ્રગ્સનો કાળો કારોબાર થાય છે ત્યારે ગુજરાતની સુરક્ષા ભગવાન ભરોસે છે. રાજ્યમાં પ્રજાની સુરક્ષા-સલામતી સાથે સબ સલામતના દાવો કરતી ભાજપ સરકારના રાજમાં વાસ્તવિકતા કંઈક જુદી જ છે. ગુજરાતમાં પોલીસ કર્મચારીઓની મોટા પાયે ઘટ છે. પોલીસ કર્મચારીઓની સંખ્યા રાષ્ટ્રીય સરેરાશ કરતા પણ ઓછી છે ત્યારે નાગરિકોની સુરક્ષા-સલામતી માટે ચુસ્ત વ્યવસ્થા માટે સત્ત્વરે ભરતી કરવામાં આવે તેમ જણાવી તેમણે ઉમેર્યું છે કે, ગુજરાતના તમામ નાના-મોટા મંદિરોની સુરક્ષા વધારવામાં આવે અને મંદિરની સુરક્ષા માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે.ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં મંદિરોમાંથી ચોરીમાં કુલ રૂ.૪,૯૩,૭૨,૨૪૭ની રોકડ અને મુદામાલની ચોરી થઈ છે. ગુજરાતમાં ૨૦૨૧માં ૧૫૧ મંદિરમાં, ૨૧-૨૨માં ૧૭૮ મંદિરમાં અને ૨૦૨૨-૨૩માં ૧૭૨ મળીને કુલ ૫૦૧ ચોરીની ઘટના બની છે.રાજ્યમાં માત્ર રહેણાક-વ્યવસાયિક વિસ્તારો જ નહીં, પરંતુ હવે મંદિરોમાં પણ બેફામપણે લૂંટ-ચોરીની ઘટનાઓ બની રહી છે.

## તસ્કરો હાર, ત્રિશુળ, મુગટ સહિતના દાગીના લઈ ગયા

# કચ્છના વાગડમાં એક જ રાતમાં ૧૧ મંદિરમાં ચોરીનો બનાવ

। પ્રતિનિધિ, ભુજ, તા.૯ ।

વાગડ વિસ્તારમાં મંદિરમાં થયેલ સામૂહિક ચોરી મામલે વધુ માહિતી સામે આવી રહી છે. જેમાં ચોરોએ ૧૧ મંદિરમાંથી ૯૭૦૦૦ની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. તો પૂર્વ કચ્છ એસપીએ પણ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. સામુહિક ચોરી દરમિયાન વિવિધ મંદિરોના તાળા તોડી તેમાંથી ચાંદીના મુગટ, ચાંદીના છત્તર, સોનાનો ચાંદલો, ચાંદીની ગાય, ચાંદીનો હાર, ચાંદીના કમળનું ફૂલ, ત્રિશુલ વગેરેની ચોરી થઈ હોવાનું સામે આવ્યું છે. આ સામૂહિક ચોરીના પગલે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ છે.બે દિવસ પહેલા કચ્છના વાગડ વિસ્તારના રાપર તાલુકાના ચિત્રોડ અને જેઠાસરી ગામમાં ચોરોએ ૧૧ મંદિરમાંથી કુલ ૯૭,૦૦૦ ની માલમતાની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી છે. ચિત્રોડ ગામના ચોરી બનાવ અંગે ફરિયાદી વસંત પ્રજાપતિએ ગાગોદર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી છે. જેમાં ૬ નવેમ્બરના સાંજથી ૭ નવેમ્બરના સવાર દરમિયાન ચોરોએ મંદિરમાં સામૂહિક ચોરીના બનાવને અંજામ આપ્યો હતો.ચિત્રોડ ગામના પ્રજાપતિ સમાજના ચામુંડા માતાના મંદિરના તાળા તોડી તેમાંથી ૧ ચાંદીનો મુગટ, ૧૫ ચાંદીના છત્તર સહિતની વસ્તુ મળીને કુલ ૧૭,૦૦૦ ની ચોરી કરી હતી.

## સુરેન્દ્રનગર ત્રિપલ મર્ડર કેસ : ૪ આરોપીઓનું થાન પોલીસે સરઘસ કાઢ્યું

। પ્રતિનિધિ, ,સુરેન્દ્રનગર,તા.૯ ।

થાન તાલુકાના સારસાણા ગામની સીમમાં મૈત્રી કરાર કરનાર યુવાન અને તેના પિતાને છરી અને લાકડીના ઘા મારી યુવતીના ભાઈ તેમજ પૂર્વ પતિ સહિતના શખ્સોએ હત્યા કરી દીધી હતી. આ હીચકારા હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવાનની માતાનું પણ સારવાર દરમિયાન મોત નિપજતાં બનાવ ત્રિપલ હત્યામાં પલટાયો હતો. પોલીસે હત્યામાં સંડોવાયેલા ત્રણ પૈકી મુખ્ય એક આરોપીને ઝડપી લઈ પૂછપરછ કરતા આ ત્રિપલ હત્યાકાંડમાં સંડોવાયેલા વધુ ૩ શખ્સોના નામ ખુલતા પોલીસે ૩ શખ્સોને પણ ઝડપી લીધા હતા.જ્યારે હત્યામાં સંડોવાયેલા મુખ્ય બે આરોપી હજી પણ પોલીસ પકડથી દૂર છે.થાન તાલુકાના સારસાણા ગામની સીમમાં મૈત્રી કરાર કરનાર ભાવેશ ઘુઘાભાઈ બજાણીયા નામના શખ્સના પરિવાર પર રાત્રીના સમયે યુવતીના ભાઈ દિનેશ સુખાભાઈ સાબળીયા, છરી તેમજ લાકડી વડે હુમલો કર્યો હતો.







## તંત્રી લેખ...

# માતૃત્વ પ્રત્યે લોકાચાર

સમાજમાં મહિલાઓને આપવામાં આવતા સન્માનને લઈને નારા તો ખુબ લગાવવામાં આવે છે પરંતુ માતૃત્વના પ્રત્યે તે સંવેદનશીલતા લોકાચારમાં જોવા મળી રહી નથી જેની અપેક્ષા તમામ લોકો હમેંશા કરતા રહે છે. માતૃત્વ અવકાશ અને સંવેદનહીનતાની સ્થિતી પ્રવર્તી રહી છે. નોકરી કરતી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનમુક્ત માહોલની જરૂર હોય છે પરંતુ અમારા દેશમાં આનો કેટલો અભાવ રહેલો છે તે બાબત નવજાત શિશુના મોતના આંકડાથી પણ જાણી શકાય છે. ખાસ કરીને નોકરી કરતી મહિલાઓ ગર્ભવતી થવાની સાથે જ તેના માટે નોકરીનુ સ્થળ નફા નુકસાન પર આધારિત એવુ સ્થાન બની જાય છે કે જ્યાં રજા લેવાની બાબત તેના માટે અભિશાપ સમાન બની જાય છે. સાથે સાથે પરત નોકરી પર ફરવાની બાબત તેના માટે ધુંધળી બની જાય છે. તાજેતરમાં જ કર્મચારીઓને મળનાર સુવિધાને લઈને ભારે ચર્ચા જામી હતી. કર્મચારીઓને મળનાર સુવિધા પર કામ કરનાર સંસ્થા ટીમલીઝના ૩૦૦ કંપનીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસના તારણ જારી કરવામાં આવ્યા હતા. તેના અભ્યાસ બાદ જે સર્વેના તારણ જારી કરવામાં આવ્યા છે તે તમામ લોકોની આંખ ખોલે તેવા રહ્યા છે. તેના મુજબ વર્ષ ૧.૬ ટકાથી ૨.૬ ટકા મહિલાઓની નોકરી જઈ શકે છે. અથવા તો ૧૧ લાખથી ૧૮ લાખ મહિલાઓની નોકરીમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે. જો કે વર્ષ ૨૦૧૮માં ભારતમાં નોકરી કરતી મહિલાઓમાટે કાર્યના સ્થળ પર સાનુકુળ વાતાવરણ સર્જવા અને તેના પરિવારની જવાબદારીની વચ્ચે સંતુલન જાળવવા માટે કાયદામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. કાયદામાં ફેરફારો કરીને પ્રસુતિ રજાની અવધિ વધારી દેવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આને દેશ માટે મોટી સિદ્ધી તરીકે ગણાવીને કહ્યુ છે કે તેમના મનને ખુબ શાંતિ થઇ રહી છે. પોતાના મન કી બાત કાર્યક્રમમાં મોદી આ અંગેની વાત કરી ચુક્યા છે. ભારતમાં મહિલા કર્મચારીઓની સંખ્યા ૨૦૦૫માં ૩૭ ટકા હતી જે ઘટીને ૨૦૧૩માં ૨૭ ટકા થઇ ગઇ હતી. વધવાના બદલે મહિલા કર્મચારીઓની સંખ્યામાં ઘટવાની બાબત ચોક્કસપણે ચિંતાજનક છે. આઠ વર્ષમાં ૧૦ ટકાના ઘટાડાને કામકાજ કરતી મહિલાની જવાબદારીની સાથે જોડીને જોવામાં આવે છે. વડાપ્રધાન મોદીની આશાની બિલકુલ વિરુદ્ધમાં આ કાયદો નોકરી કરતી મહિલાઓની પરેશાની માટે કારણ બની ગયુ છે. કામકાજી મહિલાઓને માતૃત્વ સુરક્ષા અને પૌષણ માટે આરામ, સંતુલિત ભોજન અને ટેન્શનફ્રી માહોલની જરૂર હોય છે. પરંતુ અમારા દેશમાં આનો ભારે અભાવ રહેલો છે. આંકડા પરથી આ બાબત સાબિત થઇ જાય છે. અમારા દેશમાં નવજાત શિશુના મૃત્યુના આંકડા ખતરનાક અને ચિંતા ઉપજાવે તેવા રહેલા છે. વર્ષ ૨૦૦૮થી વર્ષ ૨૦૧૬ વચ્ચે ૧.૨૩ કરોડ બાળકોપોતાના પાંચમા જન્મદિનને પણ ઉજવી શક્યા નથી. એટલે કે અસમય કાળમાં ગ્રાસ થઇ ગયા છે. ખુબ જ સંવેદનશીલ બનીને આ દિશામાં હજુ વધારે ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે.

# ૧૧.૮ ટકા ભારતીય ડાયાબિટીગ્રસ્ત

દેશમાં ૫૦ વર્ષ અથવા તો વધારે વયના ૧૧.૮ ટકા ભારતીય હાલમાં ડાયબિટીસથી ગ્રસ્ત છે. નેસનલ ડાયપિટીસ એન્ડ ડાયબિટિક રેટિનોપેથી સર્વેમાં આ મુજબની માહિતી સપાટી પર આવી છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૯ વચ્ચેના ગાળામાં આ આંકડો સપાટી પર આવ્યો છે. આ સર્વેની કામગીરી રાજેન્દ્રપ્રસાદ સેન્ટર ફોર ઓપ્થલમિક સાયન્સ દ્વારા જારી કરવામાં આવ્યો છે. સર્વેમાં ડાયાબિટીસ સંબંધિત રેટિનોપેથીને લઈને પણ મુલ્યાંકન કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યુ કે ૫૦ વર્ષથી વધુની વયના ૧૬.૯ ટકા લોકો ડાયાબિટિક રેટિનોપેથીથી ગ્રસ્ત છે. દેશમાં ૭૦થી ૭૯ વર્ષની વચ્ચેના લોકો આ બિમારીથી સૌથી વધારે અસરગ્રસ્ત છે. ૩.૮ ટકા જેટલા નવા મામલા સપાટી પર આવ્યા છે. ૧૨ ટકા પુરૂષો ડાયાબિટીસથી ગ્રસ્ત છે. આવી જ રીતે ૧૧.૭ ટકા મહિલાઓ આ બિમારીથી ગ્રસ્ત છે. ૧૧.૮ ટકા મામલા હળવા રેટનોપેથીના છે. સાત ટકા મામલા ડાયબિટિક મેકુલોપેથીના છે. ૩.૬ ટકા મામલા દ્રષ્ટિ સંબંધિત ડાયબિટિક રેટિનાપેથીના રહેલા છે. ૨.૧ ટકા ડાયાબિટીસના દર્દી અંધ છે. બીજી બાજુ વિશ્વ આરોગ્ય સંગઠના કહેવા મુજબ ભારતની વસ્તીમાં આશરે સાત કરોડની આસપાસ લોકોને ડાયાબિટીસની તકલીફ રહેલી છે. વૈશ્વિક ડાયાબિટીસના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આ આંકડા ભારત માટે પણ સારા દેખાઈ રહ્યા નથી. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં સાત કરોડથી વધારે ડાયાબિટીસના દર્દીઓ છે. તેમાં ગયા વર્ષની સરખામણીમાં ઉલ્લેખનીય વધારો થયો છે. વર્ષ ૨૦૩૦ સુધી ભારતમાં ડાયાબિટીસનો આંકડો ૧૦૦ મિલિયનના આંકડાને પાર કરી જાય તેવી શક્યતા છે. અગાઉ ૮૭ મિલિયનનો આંકડો મૂકવામાં આવ્યો હતો. ભારતમાં મોતનો આંકડો પણ વધારે છે. આ વર્ષે ડાયાબિટીસના કારણે ૯૮૩૦૦૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. ઈન્ટરનેશનલ ડાયાબિટીસ ફેડરેસન (આઈડીએફ) દ્વારા આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. આઈડીએફએ કહ્યું છે કે ભારતમાં ૨૦થી ૭૯ વર્ષની વયમાં ડાયાબિટીસના દર્દીઓનો આંકડો સૌથી વધારે છે. ભારત ચીન બાદ એવું બીજું દેશ છે જેમાં આંકડો ખૂબ વધારે છે. ભારતમાં આવનાર દેશોમાં આ સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ભારતમાં ટાઈપ-૧ ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા પણ ૧૧૨૦૦૦ની આસપાસ છે. આંકડા ચિંતાજનક છે કારણ કે ડાયાબિટીસની સમસ્યા હવે નિયમિત સારવારથી થઈ શકે છે.



આજકાલ

લેખક : દીપક જગતાપ

## નાસાએ આપી ચેતવણી! ૨૦૩૦માં વિનાશક સમુદ્રી પૂર આવશે

**ચંદ્રની ભ્રમણકક્ષામાં થોડી પણ 'હલચલ' થશે તો સમુદ્રનું સ્તર વધશે અને ૨૦૩૦ના દાયકામાં વિનાશક પૂર આવશે. નાસાના એક અભ્યાસ મુજબ ૭ વર્ષ બાદ દુનિયા પર પૂરનો ખતરો જોવા મળશે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે, તેની સૌથી મોટી અસર અમેરિકા પર જોવા મળશે.**

# જો ચંદ્રની કક્ષામાં થોડી હલચલ આવશે તો ચંદ્ર પરની હલચલથી વિશ્વને ખતરો

**આપણે ચંદ્રની ભ્રમણકક્ષામાં થતી હિલચાલને કારણે સર્જાતા વિનાશને ટાળવું હોય તો, દુનિયાએ અત્યારથી બચાવ યોજનાઓ બનાવવી પડશે.**

નાસાએ એક અભ્યાસ હાથ ધર્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો ચંદ્રની ભ્રમણકક્ષામાં થોડી પણ 'હલચલ' થશે તો સમુદ્રનું સ્તર વધશે અને ૨૦૩૦ના દાયકામાં વિનાશક પૂર આવશે. નાસાના એક અભ્યાસ મુજબ ૭ વર્ષ બાદ દુનિયા પર પૂરનો ખતરો જોવા મળશે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે, તેની સૌથી મોટી અસર અમેરિકા પર જોવા મળશે. વિશ્વભરમાં હવામાનમાં ફેરફાર થઈ રહ્યા છે, અનેક સ્થળોએ ચક્રવાત તોફાન અને પૂરની સંખ્યામાં વધારો થયો છે. થોડા દિવસો પહેલા અમેરિકામાં પણ અનેક ચક્રવાત, વાવાઝોડા જોવા મળ્યા હતા. હવે આ અધ્યયનમાં ખુલાસો થયો છે કે, જો ચંદ્રની કક્ષામાં થોડી હલચલ આવશે તો, વિશ્વમાં ભયંકર પૂર આવશે અને યુ.એસ.ના દરિયાકાંઠે સૌથી વધુ નુકસાન ભોગવવું પડશે. જો આપણે ચંદ્રની ભ્રમણકક્ષામાં થતી હિલચાલને કારણે સર્જાતા વિનાશને ટાળવું હોય તો, દુનિયાએ અત્યારથી બચાવ યોજનાઓ બનાવવી પડશે. નાસાના અધ્યયન મુજબ ચંદ્ર હંમેશાં સમુદ્રના





તરંગોને અસર કરે છે. ચંદ્રમાં હલચલ થયા પછી, વિશ્વના ઘણા ભાગોમાં પૂર આવશે. તેના કારણે વિશ્વના ઘણા દેશોમાં વિનાશક પૂરની સમસ્યા ઉભી થશે. અમેરિકામાં આની સૌથી વધુ અસર જોવા મળી શકે છે. કારણ કે આ દેશમાં દરિયાકાંઠાના પર્યટક સ્થળો વધુ છે. અભ્યાસના મુખ્ય લેખક અને હવાઈ યુનિવર્સિટીના સહાયક પ્રોફેસર ફિલ થોમ્પસનએ કહ્યું કે, ચંદ્રની ભ્રમણકક્ષામાં 'હલચલ' પૂર્ણ થવામાં ૧૮.૬ વર્ષ લાગે છે. અહીં આપણે ચંદ્રની હિલચાલ વિશે જાણવાની જરૂર છે. થોમ્પસન સમજાવે છે કે, ચંદ્રમાં હિલચાલ હંમેશાં જોવા મળે છે, પરંતુ તેને ખતરનાક બનાવનારી વાત એ છે કે, ગ્રહ ગરમ થવાના કારણે સમુદ્રનું સ્તર વધશે. આ હલચલનું ચક્ર ૨૦૩૦ના દાયકાના મધ્યમાં પૂર્ણ થવાની અપેક્ષા છે અને સમુદ્રના વધતા સ્તર સાથે વિનાશક પૂર આવી શકે છે. નાસાની વેબસાઈટ અનુસાર, ચંદ્ર તેની લંબગોળ કક્ષાની ભ્રમણકક્ષા બનાવે છે, તો તેનો વેગ બદલાઈ જાય છે, જેથી "પ્રકાશ બાજુ" નો આપણો મત જુદા જુદા ખૂણા પર દેખાય છે. આ તે જ છે જે ચંદ્રમાં હલનચલનનું કારણ બને છે. થોમ્પસનએ કહ્યું છે કે, જો એક મહિનામાં ૧૦-૧૫ વખત આવા ખતરનાક પૂર આવ્યા તો, જન-જીવન ખરાબ રીતે પ્રભાવિત થશે. લોકોના ધંધા-રોજગાર અટકી પડશે. પાણી ભરવાથી મચ્છર, રોગો થઈ શકે છે. ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વભરના બરફ અને હિમનદીઓ સતત પીગળી રહ્યા છે, જેના કારણે દરિયાની સપાટી વધી રહી છે. આવી સ્થિતિમાં, નાસાની આ આગાહી બાદ વિશ્વએ ચેતવવું જોઈએ અને અત્યારથી જ બચાવ યોજનાઓ બનાવવી જોઈએ.



## બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસમાં પિતાની ભૂમિકા હોય છે...

**બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે**

# પિતાની સાથે બાળકોને હમેંશા ફાયદો

**એક બાળક માટે પિતાની ઉપસ્થિતી કેટલી જરૂરી હોય છે તે બાબત પણ સાબિત થઇ ચુકી છે : પિતા ઘરમાં શિસ્ત જાળવે છે છતાં આદર્શ છે**

પિતા સાથે હોય તો બાળકોને જીવનભર ફાયદા મળે છે. બાળકોના યોગ્ય અને આદર્શ વિકાસ માટે પિતાની નિર્ણાયક ભૂમિકા રહેલી છે. પિતા હોવાની સ્થિતીમાં બાળકોને રાહત મળે છે. એક બાળકની લાઈફમાં જેટલુ મહત્વ માતા ધરાવે છે તેટલુ જ મહત્વ પિતાનુ પણ રહેલુ છે. બાળકોના જતનમાં અને પરવરિશમાં માતાપિતા એમ બંનેની ભૂમિકા રહેલી છે. હમેંશા એવી જ વાત કરવામાં આવે છેકે માતા સાથે હોય તો બાળકોના પરવરિશમાં કોઈ તકલીફ આવતી નથી. પરંતુ વાસ્તવિકતા એ છે કે પિતાની પણ ચાવીરૂપ ભૂમિકા હોય છે.

પિતાની હાજરી પણ બાળકો માટે જરૂરી હોય છે. ભલે બાળકોને પિતા દ્વારા ઘરમાં બનાવવામાં આવેલા શિસ્તના માહોલ પસંદ આવતા નથી પરંતુ પિતા હોવાનો લાભ બાળકોને હમેંશા મળે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે પિતા પોતાના નવજાત શિશુની દેખરેખ જેમ કે તેમને બોટલથી દુધ પિવડાવવા અને નેપી બદલવા જેવા કામ કરે છે તે બાળકોમાં કોલિક થવાનો ખતરો ઓછો રહે છે. કોલિક બાળકો ત્રણ કલાક કરતા વધારે સમય સુધી રડતા રહે છે. એક અન્ય અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે બાળકોના પિતા શરૂઆતી મહિનામાં તેમની સાથે વધારે રમે છે અને એક્ટિવ રહે છે તે બે વર્ષની વય



સુધી કોગ્નિટિવ ટેસ્ટમાં વધારે સારો દેખાવ કરે છે. બાળકોના પિતાની સાથે જેટલા સારા સંબંધ હોય છે બાળકો ભણવામાં એટલા જ હોશિયાર હોય છે. તે અભ્યાસમાં હમેંશા સારો દેખાવ કરે છે. શુન્યથી પાંચ વર્ષના બાળકોની સાથે પિતા સારો સમય ગાળે છે. તે બાળકોના આઈક્યુ સારા રહે છે. જે બાળકોના પિતા સમય ઓછો ગાળે છે તેમના બાળકોના આઈક્યુ પ્રમાણમાં નબળા રહે છે. એક નવા અભ્યાસની વાત કરવામાં આવે તો પિતાની સાથે મજબુત સંબંધ અને ભાવનાત્મક સંબંધ જોડાવ હોવાના કારણે બાળકોના વ્યવહારમાં અસર જોવા મળે છે. આ પ્રકારન બાળકોમાં વ્યવહાર સાથે સંબંધિત સમસ્યા ઓછી જોવા મળે છે.

પિતા સાથે હોય તો બાળક સ્કુલમાં પણ સારો દેખાવ કરે છે. આ પ્રકારના બાળકો અન્યો સાથે વાત કરવાના મામલે વધારે આત્મવિશ્વાસી હોય છે. તેમનામાં નવી બાબતો શિખવાની ઈચ્છાશક્તિ હોય છે. મોટા થયા બાદ આ બાળકો જોખમ લેવામાં પીછેહટ કરતા નથી. આ પ્રકારના બાળકો પોતાના દ્વારા પસંદ કરવામાં આવેલા ક્ષેત્રોમાં સફળ રહેવાની શક્યતા વધારે રહે છે. જે બાળકોના પિતા તેમની સાથે રહે છે તે બાળકો હમેંશા વધારે ખુશ રહે છે.

બાળકોને સ્કુલથી લાવવા , પાર્કમાં તેમની સાથે રમવાની બાબત અને અન્ય એક્ટિવીટી ફાયદો કરાવે છે. આ જ તમામ કારણોસર પિતાની નિર્ણાયક ભૂમિકા બાળકોના યોગ્ય વિકાસમાં હોય છે. આના કારણે બાળકોને વધારે ફાયદો થાય છે. પિતાની હમેંશા નિર્ણાયક ભૂમિકા રહે છે તે બાબત સર્વે અને અભ્યાસમા પણ સાબિત થઇ ચુકી છે. માતાની બાળકોની પરવરિશમાં ભૂમિકાને લઈને તો કેટલાક દાવા પહેલાથી જ કરવામાં આવી ચુક્યા છે. જો કે બાળકોના વિકાસ અને પરવરિશમાં વધારે ભૂમિકા સારી કોની છે તે બાબત પર કોઈ તારણ આવ્યા નથી. મોટા ભાગના લોકો કહે છે કે બાળકોના વિકાસમાં માતાપિતા બંનેની એક સમાન ભૂમિકા રહેલી છે. એક બાબત ઉભરીને એવી પણ આવી છે કે બાળકોને ઘરમાં રાખવામાં આવતા શિસ્તના કારણે પરેશાની આવે છે. કેટલાક બાળકો આને લઈને દુખી રહે છે. પિતા દ્વારા ઘરમાં મોટા ભાગે શિસ્ત રાખવામાં આવે છે.

ઘરમાં શિસ્ત રાખવા માટેની જવાબદારી પિતાની હોય છે. જેથી બાળકો કેટલીક વખત પરેશાન છે. તેમને પિડા થાય છે. જો કે પિતા બાળકોની લાઈફમાં હમેંશા લાભ કરાવે છે. પિતાની સાથે કોઈની તુલના શક્ય નથી. કારણ કે પિતા કોઈ પણ પરિસ્થિતીમાં બાળકોની ઈચ્છા પૂર્ણ કરવા માટે કટિબદ્દ રહે છે. બાળકોના જતન માટે પિતા રાતદિવસ કામ કરે છે.દર વર્ષે હવે તો ફાધર્સ ડે અને મધર ડે પણ ઉજવવામાં આવે છે. જે દરમિયાન આધુનિક સમયમાં તો માતાપિતાનુ બાળકો દ્વારા હવે સન્માન કરવામાં આવે છે. ઘરમાં જુદી જુદી રીતે આને મનાવવામાં આવે છે. આ પરંપરા મોટા ભાગે ભારતની બહાર જોવા મળે છે.

## સફળતા માટે ડરને બિલકુલ દુર કરો । સક્સેસ ફંડા : સપના પૂર્ણ કરવા માટે મહેનત-ટાર્ગેટ ખુબ જરૂરી

# બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી : કલામ લોકોને ઘરે ઘરે જઇને અખબાર પહોંચાડતા હતા

જો તમે જીવનમાં એક સફળ વ્યક્તિ બનવા માટે વિચારી રહ્યા છો તો સૌથી પહેલા તો પોતાના સપનાને જીવવા માટે શરૂ કરવાની જરૂર છે. મનના દરેક ડરને દુર કરવાની જરૂર છે. નિષ્ફળતાને લઈને ચિંતા કરવાની કોઈ જરૂર નથી. યોગ્ય પ્લાનિંગની સાથે કામ કરવામાં આવે તો જરૂરી છે. જો આવુ કરવામાં આવશે તો સફળતા તમામ ચરણને સ્પર્શ કરી શકે છે. કહેવત છે કે ડરની આગળ જીત છે.

લાઈફમાં માનવીને હમેંશા પોતાની વિચારધારાની મર્યાદાને મોટી રાખવાની જરૂર હોય છે. કહેવામાં આવે છે કે કોઈ પણ લક્ષ્ય માનવીના સાહસથી મોટા નથી. એ જ વ્યક્તિ હારી જાય છે તે વ્યક્તિ ક્યારેય લડતી નથી. ખુબ ઓછા લોકો જાણે છે કે દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બિલ ગેટ્સે પોતાના ઘરની પાછળના રૂમથી બિઝનેસની શરૂઆત કરી હતી. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે પણ ઘરે ઘરે જઈને અખબાર લોકોને આપવા માટેનુ કામ કર્યુ હતુ. રાઈટ બ્રધર્સના પણ એરોપ્લેનના પ્રોટોટાઈપ પહેલા કેટલીક વખત ફ્લોપ થઇ ગયા હતા. પરંતુ આ તમામની વિચારધારા ખુબ ઉંચી હતી.

વિચારો ઉંચા હતા. સપના ઉંચા હતા. સાથે સાથે સખત પરિશ્રમની તાકાત હતી. કઈ કરી બતાવવાની ઈચ્છાશક્તિ તેમનામાં ભરેલી હતી. એવુ નથી કે તેમને કોઈ ચીજના ડર ન હતા. નિષ્ણાંત લોકો કહે છે કે પ્લાનની સાથે જો આગળ વધવામાં આવશે તો ડર નહીં બલ્કે મંજિલ સામે જોઈ શકાશે. જો તમે કોઈ સપના જોઈ રહ્યા છો અને કોપિણ પ્લાનિંગ વગર



તમે કોઈ સપનાની પાછળ દોડી રહ્યા છો તો એક દિવસે હતાશા જ હાથ લાગનાર છે. જેથી સૌથી પહેલા હકીકતને સમજીને લઈને તેના મુજબ આગળ વધવા માટેની રણનિતી તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. ત્યારબાદ તેના અનુરૂપ સપનાને સાકાર કરવા માટે પ્રયાસ પૂર્ણ તાકાત સાથે કરવાની જરૂર હોય છે. જો તમે કોઈ ઉંચા પર્વતના શિખરને સ્પર્શ કરવા માટે ઈચ્છુક છો તો પહેલા પર્વતારોહણની ટ્રેનિંગ લેવાની જરૂર હોય છે. ત્યાંના હવામાન સહિતની તમામ બાબતો અંગે માહિતી મેળવી લેવી પડશે. ત્યાંની માટી જીવજતુ સહિતની ચીજો અંગે માહિતી મેળવી લેવી પડશે. આવી જગ્યાએ કામમાં આવનાર સાધનોની માહિતી પણ મેળવી લેવી પડશે.

સૌથી મહત્વપૂર્ણ બાબત તો આ આપના આરોગ્યની માહિતી મેળવી લેવી પડશે. આંતરિક પ્રેરણાના સ્તરને ધ્યાનમાં લેવાની જરૂર છે. આ તમામ પ્રકારની માહિતી વગર શિખર પર પહોંચી જવાના પ્રયાસ કરવામાં આવશે તો અંતમાં નિરાશા હાથ લાગશે. જીવન એક શિક્ષક તરીકે છે. યાદ રાખવા જેવી બાબત છે કે હકીકત હમેંશા કડવી હોય છે. જીવન દરેક ક્ષણમાં તમારી કસોટી કરે છે. તમારે એ સમજી લેવાની જરૂર નથી કે તે આપના પ્રિયની જેમ કામ કરી રહ્યા છે.

સમય આપના કઠોર શિક્ષકની જેમ સતત પરીક્ષા કરે છે. જો તમે આ સારા વિદ્યાર્થીની જેમ જીવનરૂપી શિક્ષકના છત્ર હેઠળ પરીક્ષા આપી રહ્યા છો તો તમને ચોક્કસપણે સફળતા મળી શકે છે. આધુનિક સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ દરેક પ્રકારના પ્રયાસ કરે છે. દિન રાત એક કરે છે. ખુબ મહેનત કરે છે. આવી તમામ પ્રકારની પ્રક્રિયા અપનાવવામાં આવી હોવા છતાં કેટલાક લોકોને સફળતા મળતી નથી. સાથે સાથે કેટલાક લોકોને તરત જ સફળતા મળે છે. આવી બાબત પણ જોવા મળે છે. જો કે સફળતા હાંસલ કરવા માટે સૌથી ઉપયોગી બાબત તો ભયને દુર કરીને આગળ વધવાની જરૂર છે. જોખમ લીધા વગર પણ કેટલીક વખત સફળતા હાંસલ થતી નથી. આ તમામ બાબતો પર ધ્યાન આપીને સફળતા હાંસલ કરી શકાય છે. હાલના સમયમાં દરેક ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે.

આવી સ્થિતીમાં સફળતા હાંસલ કરવા માટે શારરિક ફિટનેસ પણ ઉપયોગી બની ગઈ છે. નિયમિત રીતે પોતાના કામ ન કરનાર વ્યક્તિને પણ સફળતા મળતી નથી. આવી સ્થિતીમાં શારરિક ફિટનેસ પણ જરૂરી છે. નોકરીના સ્થળ પર વારંવાર રજા પાડનાર વ્યક્તિ પણ સફળતા હાંસલ કરી શકતા નથી. કારણ કે તેમના પર અન્યો અને જવાબદાર લોકો વિશ્વાસ મુકતા નથી. કામ પ્રત્યે સમર્પણ ભાવના પણ ખુબ ઉપયોગી છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# ઠંડાઈ પીવાથી રોગપ્રતિકારકશક્તિ થશે મજબૂત

## શરીર કુદરતી રીતે ઠંડુ રહે છે, ઉનાળાની સમસ્યાઓ માટે અદભુત પીણું છે



મહાશિવરાત્રીનો તહેવાર માં ઠંડાઈને ખાસ પ્રસાદ ધરાવવામાં આવી જેનો માત્ર નશો જ નથી થતો પરંતુ તેને પીવાના ઘણા ફાયદા પણ છે. આજે વાત કરીએ જીવનમાં ઠંડાઈ ના ફાયદાઓ વિશે, ભૂતપૂર્વ મેડિકલ ઈન્ચાર્જ ડૉ. સુબાસ રાય સાથે. ઠંડાઈ માત્ર તમને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે તે ઉપરાંત તમારા સ્વાસ્થ્યને પણ સુધારે છે.

ઉનાળામાં ઠંડાઈ પીવાથી પાચનશક્તિ મજબૂત બને છે. ઠંડાઈ વરિયાળી ઉમેરીને બનાવવામાં આવે છે અને તેમાં એન્ટી ઈંફ્લેમેટરી ગુણ હોય છે. જે તમને ઉનાળામાં ઠંડકનો અનુભવ કરાવે છે અને પેટ ફૂલવાની સમસ્યાથી પણ રાહત આપે છે.

એન્ટી ઈંફ્લેમેટરીમાં ઘણા બદામ, સૂકા ફળો અને બીજ ઉમેરવામાં આવે છે. જે પોષણથી ભરપૂર હોય છે. તે માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં પરંતુ મગજ માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. તે યાદશક્તિને મજબૂત કરવામાં મદદરૂપ છે. તે તણાવ અને ચિંતા ઘટાડવામાં પણ મદદ કરે છે.

ઠંડાઈમાં કોઈ હાનિકારક પદાર્થોનો ઉપયોગ થતો નથી. ઠંડાઈમાં ઉમેરાતા તમામ ઘટકો શરીરને જરૂરી પોષણ અને સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે. આ એટલા માટે છે કારણ કે ઠંડાઈ પીવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બને છે.ઠંડાઈ માં હાજર નટ્સ, ડ્રાયફ્રૂટ્સ અને બીજ શરીરને ઈન્સ્ટન્ટ એનર્જીથી ભરી દે છે. દૂધ પોતે એક ઉત્તમ એનર્જી ડ્રિંક છે. જેના કારણે થાક દૂર થાય છે અને વ્યક્તિ ઉર્જાવાન રહે છે.

ઉનાળામાં વધારે તળેલું અને મસાલેદાર ખાવાથી કબજિયાત થાય છે. ઠંડાઈમાં ખસખસ ઉમેરવામાં આવે છે જે પોષણનો ખજાનો છે. ખસખસમાં હાજર ઉચ્ચ ફાઈબરનો સ્ત્રોત પેટ માટે ખૂબ જ ફાયદાકારક છે. તે ગેસ, પેટનું ફૂલવું અને કબજિયાત જેવી પેટની સમસ્યાઓથી પણ રાહત આપે છે.

વાતાવરણમાં ગરમીનો અહેસાસ થવા લાગ્યો, ધીમે ધીમે તાપમાનનો પારો વધશે, ઉનાળાની ઋતુએ દસ્તક આપી છે. આવી સ્થિતિમાં હવેથી પુષ્કળ પાણી અને હેલ્ધી ડ્રિંક પીવાની ટેવ પાડો. કારણ કે ઉનાળામાં શરીર ડીહાઈડ્રેટ થઈ જાય છે અને પેટ અને ત્વચાને પણ નુકસાન થાય છે. ઉનાળામાં લોકો ઠંડક અને આરામ અનુભવવા માટે વિવિધ પ્રકારના પીણાંનો ઉપયોગ કરે છે, પરંતુ તેમાંથી મોટાભાગના પીણાં ખાંડ અને સોડાથી બનેલા હોય છે, જે થોડા સમય માટે શરીરને ઠંડક આપે છે પરંતુ પછીથી તમને વધુ ગરમ પડે છે. , તે સ્વાસ્થ્ય માટે પણ હાનિકારક છે. આ દિવસોમાં ઠંડાઈ પીવી ખૂબ જ ફાયદાકારક છે. ઠંડાઈ પીવાથી શરીર કુદરતી રીતે ઠંડુ રહે છે, ઉનાળામાં થતી સમસ્યાઓ માટે આ એક અદ્ભુત પીણું છે. તેનો સ્વાદ પણ ઘણો સારો છે. જો તમે આ ગરમ હવામાનને ઠંડુ બનાવવા માંગતા હોવ તો ઠંડાઈ શ્રેષ્ઠ વિકલ્પ છે.

અડધો કપ દરેક બદામ, કાજુ, પિસ્તા, બે ચમચી તરબૂચના દાણા, 10 કાળા મરી. દોઢ ટેબલસ્પૂન વરિયાળી, અડધો ઈંચ તજ, દોઢ ચમચી ખસખસ, આઠ નાની એલચી, બે ચમચી સૂકી ગુલાબની પાંખડીઓ, એકથી બે કપ પાણી. બધા મસાલાને 3-4 કલાક પલાળી રાખો. ત્યાર બાદ બદામને છોલીને મિક્સર જારમાં નાખો. પલાળેલા ડ્રાયફ્રુટ્સને સ્મૂધ પીસીને બાજુ પર રાખો. દૂધ ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળો. જ્યારે દૂધ ઘટ્ટ થઈ જાય, ત્યારે તેમાં ખાંડ અને કેસર ઉમેરો અને વધુ 2 મિનિટ માટે ઉકાળો, પછી ગેસ બંધ કરો અને તેને દૂધ ઠંડુ થવા દો. દૂધને ઠંડુ થવા માટે રેફ્રિજરેટરમાં રાખો.

ઠંડાઈ મસાલામાં ગુલાબની સૂકી પાંદડીઓ ઉમેરો. મજબૂત ગુલાબના સ્વાદ માટે તમે ઠંડાઈમાં ગુલકંદ પણ ઉમેરી શકો છો. તમે ઠંડાઈની પેસ્ટને જેટલી સ્મૂધ પીસશો, તેટલી જ સ્વાદિષ્ટ અને મલાઈદાર ઠંડાઈનો સ્વાદ આવશે. તેથી, ડ્રાયફ્રૂટ્સને પાણીમાં પલાળી રાખો અને તેની છાલ કાઢી લો, પછી તેને સ્મૂધ પીસી લો, તેને ચાળણીથી ગાળી લો અને દૂધમાં મિક્સ કરો. ઠંડાઈ અને દૂધને સારી રીતે મિક્સ કરવા માટે, એક મિક્સર જારમાં ઠંડુ કરેલું કેસર દૂધ, ગુલકંદ અને ઠંડાઈ મસાલો ઉમેરો, પછી બધું મિક્સ કરો અને તેને ગાળી લો. આ બધું સારી રીતે ભળી જશે અને પીણાને ઉત્તમ સ્વાદ આપશે. જો તમને ભાંગ વાળી ઠંડાઈ પીધા પછી નશો લાગે તો ખાટા ફળો જેવા કે મોસમી ફળો, દ્રાક્ષ અને નારંગી ખાઓ. લીંબુ પાણી પીવાથી નશો દૂર થાય છે. તમે આમલીનું પાણી પણ પી શકો છો.

તુવેર દાળનું પાણી પીવાથી ભાંગના નશો ઉતરે છે. નાળિયેર પાણી પણ ભાંગના નશાને ઉતારવામાં મદદરૂપ છે. તમારા મોંમાં આદુનો ટુકડો મૂકો અને ધીમે ધીમે તેનો રસ પીવો. જેનાથી નશો પણ ઘણો ઓછો થાય છે



## સ્માર્ટફોનના કારણે પારિવારિક સુખ-શાંતિને થઈ શકે છે અસર

મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને અન્ય ગેજેટનો ઉપયોગ આજના સમયમાં જરુરીયાત બની ગઈ છે, પરંતુ સ્માર્ટફોનના કારણે સંબંધો બગડવાની શક્યતા રહેલી છે.સ્માર્ટફોન પર આખો દિવસ દુનિયાભરના સમાચારો અને મનોરંજન સાથે જોડાયેલી વસ્તુઓ જોતા અને વાંચતાને કારણે લોકોને ધ્યાન અસલી વસ્તુઓની હટવા લાગ્યું છે. તેના કારણે આજના સમયમાં લોકો માહિતી મેળવવા અથવા આસપાસના લોકો વિશે જાણવા માટે રુચિ નથી રાખતાં.

જો તમે ઘણા બધા લોકો વચ્ચે બેસો છો, તો કોઈ મહત્ત્વપૂર્ણ ચર્ચા ચાલી રહી હોય અને અચાનક તમે તમારુ ધ્યાન ફોન પર કરો તો દરેક લોકોને ખોટુ લાગશે. સ્માર્ટફોનના વધતાં ઉપયોગના કારણે તમારુ ધ્યાન ચારેય બાજુની વસ્તુઓ અને લોકો તરફ ઓછુ થઈ જાય છે.

સ્માર્ટફોનનો ઉપયોગ કરીને તમે સોશિયલ મીડિયાના માધ્યમથી સરળતાથી વધુ લોકો સાથે જોડાઈ શકો છો, પરંતુ અહીં હંમેશા ભરોસા પર ખતરો રહેતો હોય છે. તમારી પાસે સોશિયલ મીડિયા પર હજારો મિત્રો હોઈ શકે છે, પરંતુ એ લોકો પર તમારા વિશ્વાસ અથવા તમે તેમના પર વિશ્વાસ નહી કરી શકો. એ જ મિત્રોથી સાચા હશે જે હંમેશા તમારી સાથે રહે છે.

એક બીજી સ્માર્ટફોન તમારી દુનિયાના કોઈ ખૂણામાં બેઠેલા વ્યક્તિ સાથે જોડાઈ રહેવાનો અવસર આપે છે, બીજી બાજુ તેનો અત્યાધુનિક ઉપયોગ તમને તમારા આસપાસનો લોકોથી દૂર કરી દે છે.

પરિવાર અને જીવનસાથી કરતાં વધુ સમય મોબાઈલ પર વિતાવવાથી તેમને મહેસૂસ થઈ શકે છે, કે તમે કોઈને નજરઅંદાજ કરી રહ્યા છો. એવામાં તેમના પ્રત્યે તમારો આ વ્યવહાર તેમને ઠેસ પહોચાડી શકે છે. એટલે ફ્રી ટાઈમમાં પરિવાર અને બાળકોને સમય આપો.

**સ્માર્ટફોન દુનિયાના કોઈ ખૂણામાં બેઠેલા વ્યક્તિ સાથે જોડાઈ રહેવાનો અવસર આપે છે**

દિવસભર મોબાઈલ ફોનમાં ન્યુઝ અને મનોરંજન સાથે જોડાયેલી વસ્તુઓ જોતા રહેવા અને પરિવાર માટે સમય ન કાઢવાના કારણે તમારા પરિવાર સાથેના સંબંધમાં અંતર વધતું રહે છે. એટલા માટે ખાસ કરીને પરિવાર અને બાળકો માટે સમય જરુર કાઢો.

જો તમે તમારા લાઈફ પાર્ટનર સાથે વાત કરતી વખતે અથવા તેમની સાથે હોવા છતાં પણ તેમને કોઈ રિસ્પોન્સ ન આપી સતત ફોનમાં ધ્યાન આપતાં રહેશો તો તેનાથી તેમને ખોટુ લાગી શકે છે. તેમા જો સતત આ રીત ચાલતું રહે તો તેની અસર તમારા સંબંધ પર પડી શકે છે. એટલે પરિવાર સાથે બેસતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવાની કોશિશ કરો, જેથી કરીને તમારા પરિવારમાં આનંદ રહેશે.



## ઈયરફોન લગાવવાથી કાનને ગંભીર નુકસાન થઈ શકે

આજકાલ લોકો ફેશનેબલ દેખાવા માટે ઈયરફોન અને ઈયરબર્ડસનો ઉપયોગ કરે છે. ઘણા લોકો આખો દિવસ ઈયરફોન લગાવીને રાખે છે, ઈયરફોન લગાવવાની આદતને કારણે શરીરને નુકસાન થઈ શકે છે. જો તમે પણ કલાકો સુધી ઈયરફોન લગાવીને સાંભળો છો, તો સાવધાન થઈ જજો, નહીંતર તમારા કાનને ગંભીર નુકસાન થઈ શકે છે. ઉપરાંત શરીરના અન્ય અંગોને પણ નુકસાન થઈ શકે છે.

આરોગ્ય નિષ્ણાંત અનુસાર ઈયરફોન લગાવવાથી કાનને ગંભીર નુકસાન થઈ શકે છે. ઈયરફોનથી લાઉડ મ્યુઝિક સાંભળવાને કારણે કાનની સાંભળવાની ક્ષમતા પર ગંભીર અસર થાય છે. કાનની સાંભળવાની ક્ષમતા 40-50 ડેસિબલ સુધી ઘટી જાય છે. ઈયરફોનથી નીકળતા ઈલેક્ટ્રોમેગ્નેટીક વેવ્સને કારણે બ્રેઈન પર ગંભીર અસર થાય છે. જેના કારણે માથાનો દુખાવો અને માઈગ્રેન જેવી સમસ્યા થાય છે. કાનમાં ઈન્ફેક્શન થવાનું પણ જોખમ રહે છે.

હાર્ટ એટેક આવી શકે છે

કલાકો સુધી ઈયરફોન લગાવી રાખવા અને મ્યુઝિક સાંભળવાને કારણે કાનની સાથે હાર્ટને નુકસાન થાય છે. આ કારણોસર હાર્ટબીટ વધી જાય છે, જેથી હાર્ટએટેકનું જોખમ રહે છે. ઈયરફોન લગાવવાને કારણે વ્યક્તિની સોશિયલ લાઈફ અને માનસિક હેલ્થ પર ખરાબ અસર થાય છે. જેના કારણે ડિપ્રેશન અને તણાવનો ભોગ બની શકો છો.

## શું સત્તુને રોજિંદા આહારમાં સામેલ કરવું હિતાવહ છે ?



સત્તુની આડ અસરઃ ઉનાળામાં સત્તુ ખાવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં હોય છે અને તેનો ગ્લાયસેમિક ઈન્ડેક્સ પણ ઓછો હોય છે. પરંતુ શું સત્તુને રોજિંદા આહારમાં સામેલ કરવું જોઈએ?

સત્તુઃ ફેબ્રુઆરી મહિનો વીતી ગયો. આ સાથે હવામાનમાં પણ ઘણો બદલાવ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં મોટાભાગના લોકો સત્તુ ખાવાનું પસંદ કરે છે. તમને જણાવી દઈએ કે સત્તુ ચણા અને અન્ય આખા અનાજને મિક્સ કરીને બનાવવામાં આવે છે. ઘણી જગ્યાએ તે ઘઉં, ચોખા અને બંગાળના ચણાને મિક્સ કરીને બનાવવામાં આવે છે. સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે સત્તુનો ગ્લાયસેમિક ઈન્ડેક્સ ઓછો છે.તેમાં ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે. ડાયાબિટીસના દર્દીઓ માટે આ ખૂબ જ ફાયદાકારક છે. આ ખાવાથી વજન પણ ઘટે છે. પરંતુ શું દરરોજ તમારા આહારમાં સત્તુનો સમાવેશ કરવો ફાયદાકારક છે? ચાલો તેના વિશે જાણીએ...

નિષ્ણાંતોના મતે કોઈ પણ વસ્તુનું વધુ પડતું ખાવું સ્વાસ્થ્ય માટે સારું માનવામાં આવતું નથી. કેટલાક લોકો તેમના નિયમિત ભોજનને બદલે સત્તુ ખાય છે. અલબત્ત, સત્તુમાં ફાઈબરની સાથે પ્રોટીન અને મિનરલ્સ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. પરંતુ તેમાં અન્ય પોષક તત્વોનો અભાવ હોઈ શકે છે.

સત્તુમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. આવી સ્થિતિમાં તેને રોજ ખાવાથી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. જે લોકોને પહેલાથી જ ગેસ કે કબજિયાતની સમસ્યા હોય તેમણે રોજ સત્તુ ન ખાવું જોઈએ. આ સિવાય જે લોકોને પિત્તાશયમાં પથરીની સમસ્યા હોય તેમણે સત્તુ ન ખાવું જોઈએ.

નિષ્ણાતોના મતે સત્તુને ઉનાળાની ઋતુમાં ગમે ત્યારે ખાઈ શકાય છે. પરંતુ તમારે દરરોજ ખાવા માટે સત્તુની સાચી માત્રા જાણવી જોઈએ. તમે દરરોજ 30 થી 50 ગ્રામ સત્તુ ખાઈ શકો છો એટલે કે લગભગ 3 થી 4 ચમચી સત્તુ ખાઈ શકો છો. જો કે તમારે એક વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે સત્તુ ખાધા પછી તમારે પુષ્કળ પાણી પીવું જોઈએ. તો કેટલીક બાબતોને ધ્યાનમાં રાખીને તમે રોજ સત્તુ ખાઈ શકો છો.

## કબજિયાતની સમસ્યાનો અકસીર ઈલાજ : નિયમિત એક્સરસાઈઝ



### તે પેટને નરમ બનાવીને , કબજિયાત દૂર કરવામાં મદદ કરે છે

જો તમને દરરોજ કબજિયાતની સમસ્યા સતાવતી હોય અથવા આંતરડામાં મળ અટવાઈ જાય તો યોગીઓ દ્વારા સૂચવવામાં આવેલા આ પાંચ આસનો દરરોજ કરો. આ પેટ સાફ કરવામાં અને કબજિયાત દૂર કરવામાં મદદ કરશે., તો અમુક એવી કસરતો કરવી જોઈએ, જેની મદદથી ન તો માત્ર પેટમાંથી તમામ ઝેરી તત્વો દૂર થાય છે પરંતુ કબજિયાતની સમસ્યા પણ દૂર થાય છે. ઘણા એવા યોગાસનો છે જે દરરોજ સવારે કરવામાં આવે તો કબજિયાતની સમસ્યામાં રાહત મળે છે.

દરરોજ બે ગ્લાસ ઓછામાં ઓછું એક લિટર હૂંફાળું પાણી પીવો. આ પાણી પીવા માટે માલસાણની મુદ્રા લો. માલસાણની મુદ્રામાં બેસીને દરરોજ હૂંફાળું પાણી પીવું. તેની સાથે આ 5 આસનોનો લગભગ 8 વખત અભ્યાસ કરો.

પાણી પીધા પછી ઉદ્ધવ તાડાસન આસન કરવું. આ આસન કરવા માટે બંને હાથને ઉપરની તરફ ઉંચા કરો અને આંગળીઓને એકબીજા સાથે જોડી દો. તમારા અંગૂઠા પર પણ ઊભા રહો.

બંને પગને ખભાની સમાંતર ફેલાવો. હાથને આગળ અને પગને ફેરવ્યા વિના ફેલાવો. કમરથી ડાબે અને જમણે ફેરવો. જેથી હાથ પણ વારાફરતી ડાબે અને જમણે ફેરવાય. 8 સેટ કર્યા પછી, સામાન્ય મુદ્રામાં પાછા આવો.

પછી ભુજંગાસનની મુદ્રા લો અને પછી ગરદન અને ખભાને ડાબી તરફ ફેરવો. એ જ રીતે ગરદન અને ખભાને જમણી બાજુ ફેરવો. ભુજંગાસનમાં રહીને આ પ્રવૃત્તિ 8 વખત કરો.

આ આસન કરવા માટે તમારા ઘૂંટણ વાળો અને પગના અંગૂઠા પર બેસી જાઓ. પછી તમારા હાથને તમારા ઘૂંટણ પર રાખો. ઊંડો શ્વાસ લેતી વખતે અને બહાર કાઢતી વખતે ડાબા ઘૂંટણને જમણા પગના અંગૂઠા પર વાળો અને જમણા ઘૂંટણને છાતી પર દબાવો. આ જ કસરત જમણા ઘૂંટણ સાથે પણ કરો. આ આસન લગભગ 8 સેટ સુધી કરો. તે પેટને નરમ બનાવે છે અને કબજિયાત દૂર કરવામાં મદદ કરે છે.

ઉદ્ધવ તાડાસનની મુદ્રામાં કમરથી ડાબી બાજુ વાળો અને એ જ રીતે જમણી બાજુએ કમરથી નમવું. આ ક્રિયાને તિર્યકા તાડાસનની મુદ્રા કહેવામાં આવે છે. આ આસન લગભગ આઠ વાર કર્યા પછી, સામાન્ય મુદ્રામાં પાછા આવો.



## કેસૂડાના ફૂલ ઔષધીય ગુણોનો ભંડાર...

આ દિવસોમાં કેસૂડાના ફૂલો પર વસંત આવી છે. પ્રાચીન સમયથી હોળીના રંગોમાં તેનો ઉપયોગ થતો આવ્યો છે. હોળીના ઘણા દિવસો પહેલા કેસૂડાના ફુલોને પાણીમાં પલાળી પછી ઉકાળીને ઠંડુ કરવામાં આવતું હતું, ત્યારબાદ હોળી રમવા માટે રંગોનો ઉપયોગ કરવામાં આવતો હતો અને વાતાવરણ તેની સુગંધથી ભરાઈ જતું હતું.

હાલમાં તેના વૃક્ષો ભાગ્યે જ જોવા મળે છે. સંરક્ષણના અભાવે તેઓ લુપ્ત થઈ રહ્યા છે. કેસૂડાને પલાશ તરીકે પણ ઓળખવામાં આવે છે, પરંતુ તે માત્ર એક ફૂલ નથી, પરંતુ ઔષધીય ગુણોથી ભરપૂર છે. કેસૂડાના ઝાડના ફૂલો, બીજ અને મૂળ આયુર્વેદની દૃષ્ટિએ દવા તરીકે કામ કરે છે.

### કેસૂડા શા માટે ઔષધીય ફૂલ છે

- **પેટના કૃમિ માટે** | કેસૂડાના બીજમાં કૃમિનાશક ગુણો જોવા મળે છે, જેના કારણે તે પેટના કૃમિનો નાશ કરે છે. કેસૂડાના બીજના પાઉડરનું નિયમિત સેવન કરવાથી પેટના કોઈપણ પ્રકારના ઈન્ફેક્શનથી રાહત મળે છે. તમે એક ચમચી કેસૂડાના બીજના પાવડરને મધમાં ભેળવીને સવારે ખાલી પેટ લઈ શકો છો.
- **ઝાડા માટે 2 કેસૂડા** | કેસૂડાના ફૂલમાં તુચ્છ ગુણ હોય છે, જેના કારણે તે મરડો અને ઝાડા જેવી સમસ્યાઓથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. દરરોજ કોઈ પણ રૂપમાં કેસૂડાનું સેવન કરવાથી પેટની સમસ્યાઓ દૂર રહે છે. પેટની સમસ્યામાં કેસૂડાના પાવડરનું સેવન ખૂબ જ ફાયદાકારક છે.
- **ડાયાબિટીસ** | પલાશના પાનમાં તિક્ત ગુણ હોય છે, જે શરીરમાં કફ અને પિત્તને ઘટાડે છે. જેના કારણે મેટાબોલિઝમ સુધરે છે અને હાઈ બ્લડ પ્રેશરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.
- **ચામડીના રોગો** | આયુર્વેદ અનુસાર, કેસૂડાના બીજની પેસ્ટ જ્યારે બહારથી લગાવવામાં આવે છે ત્યારે ખરજવું અને ત્વચાના અન્ય વિકારોમાં રાહત મળે છે. તેની પેસ્ટ લગાવવાથી ખંજવાળ અને શુષ્કતાની સમસ્યામાં રાહત મળે છે. તેમાં એક પ્રકારની એસ્ટ્રિજન્ટ ગુણ હોય છે, જે ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક છે.
- **યોનિમાર્ગ ચેપ** | કેસૂડાના પાનમાંથી બનાવેલ ઉકાળો લ્યુકોરિયા (સફેદ કે પીળો યોનિમાર્ગ સ્રાવ) અને યોનિમાર્ગના ચેપને મટાડવા માટે નિયમિતપણે ઉપયોગમાં લેવાય છે. કેસૂડાના ફૂલ યોનિમાર્ગના ચેપ માટે ખૂબ જ ફાયદાકારક છે.
- **ઘા** |કેસૂડાના બીજનો ઉકાળો તેના હીલિંગ ગુણધર્મોને કારણે ઘાને મટાડવામાં મદદ કરે છે. આ રક્તસ્રાવને અટકાવે છે, જેના કારણે ઘા ઝડપથી રૂઝાય છે. કેસૂડાનું ફૂલ લો અને તેને ગુલાબજળ સાથે પીસી લો. હવે તેને અસરગ્રસ્ત જગ્યા પર લગાવો, રક્તસ્ત્રાવ તરત જ બંધ થઈ જશે.
- **પેશાબ રીટેન્શન** | પ્યુબિક એરિયાને નિયમિતપણે ધોવા માટે કેસૂડાના ફૂલોનો ઉપયોગ કરી શકાય છે. આ પેશાબના પ્રવાહમાં વધારો કરે છે અને વાટા સંતુલિત પ્રકૃતિને કારણે પેશાબની અવરોધને દૂર કરવામાં મદદ કરે છે.

## રાજકુમાર હિરાની સાથે વિકી કૌશલ વધુ એક ફિલ્મ કરશે


# હિરાની સાથે વિકીની ત્રીજી ફિલ્મ, પણ લીડ રોલ પહેલી વખત મળશે



હાલ તો વિકી કૌશલ તેની આગામી ફિલ્મ ‘છાવા’ની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ ફિલ્મની રિલીઝ ડેટ પોસ્ટપોન થવાની શક્યતા છે ત્યારે હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે તે રાજકુમાર હિરાની સાથે આગામી ફિલ્મ માટે કામ કરવા જઈ રહ્યો છે. આ પહેલા વિકી અને રાજકુમાર હિરાની ‘સંજુ’ અને ‘ડંકી’માં સાથે કામ કરી ચૂક્યા છે.મહત્વની વાત એ છે કે આ વખતે વિકી રાજકુમાર હિરાનીની ફિલ્મમાં લીડ રોલમાં જોવા મળશે. પહેલાં રાજકુમાર હિરાનીએ વિકી સિવાયના વિકલ્પો પર વિચાર વિમર્શ કર્યા પછી તેમણે સામેથી વિકીનો સંપર્ક કર્યો હતો. જોકે, હજુ આ અંગે કોઈ ઓફિશિયલ જાહેરાત થઈ નથી અને વધુ કોઈ માહિતી પણ શેર કરવામાં આવી નથી. વિકી ‘છાવા’માં છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકામાં જોવા મળશે. જેમાં તે એક બહાદુર યોદ્ધાની જેમ યુદ્ધ લડતો જોવા મળશે. ફિલ્મના મેકર્સ દ્વારા એક નાનું ટીઝર લોંચ કરવામાં આવ્યું હતું, જેમાં વિકીએ તેના દેખાવ અને એક્શનથી બધાને પ્રભાવિત કર્યા હતા. ફિલ્મનું ટીઝર લોંચ થાય તે પહેલાં વિકીએ પોતાના સોશિયલ મીડિયા પર એક પોસ્ટર પણ શેર કર્યું હતું. જેમાં તે હજારો સૈનિકો સામે લડતો જણાય છે. કેટલાંક લોકોએ રણવીર સિંહના બાજીરાવ મસ્તાનીના રોલ સાથે વિકીની સરખામણી પણ કરી હતી. વિકી માટે પણ આ રોલ એક પડકાર છે.

# ‘મિથ્યા’ રિવેન્જ ડ્રામા સાથે હુમા કુરેશી ફરી સજ્જ થઈ

## હુમા કુરેશી વધુ એક વેબ સિરીઝમાં જોવા મળશે



‘મિથ્યા - ધ ડાર્કર ચેપ્ટર’ વેબ સિરીઝની બીજી સિઝન આવી રહી છે, જેમાં હુમા કુરેશી અને અવંતિકા દાસાની અને નવા કસ્તુરિયા મુખ્ય રોલમાં છે. આ કલાકારો તેમની સિરીઝના પ્રમોશન માટે અમદાવાદની મુલાકાતે આવ્યાં હતાં.હુમા આ સિરીઝમાં એક નવા રોલમાં જોવા મળસે, જેમાં બે સાવકી બહેનો જુહી એટલે કે હુમા કુરેશી અને રિયા એટલે કે અવંતિકા દાસાનીની વાત છે. તેમની વચ્ચે તેમની બદલો લેવાની ભાવના, તેમનાં અસ્થિર સંબંધો સાથે પ્રતિશોધની વાર્તા રજૂ કરે છે, જે સિરીઝ દિવાળીથી સ્ટ્રીમ થશે. મિથ્યામાં નવીન કસ્તુરિયા, રજિત કપૂર, ઈન્દ્રનીલ સેનગુપ્તા, અવંતિકા અકેરકર, રુશદ રાણા, ક્રિષ્ના બિષ્ટ પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. અમદાવાદની મુલાકાતે આવેલી હુમા કુરેશીએ ઉત્સાહ સાથે કહ્યું કે, “હું અમદાવાદની મુલાકાત અંગે હંમેશા રોમાંચિત હોઉં છું. મારી છેલ્લી ફિલ્મ અહીં શુટ થઈ છે! અમદાવાદમાં શૂટિંગ માટે અનેક દિવસો વિતાવ્યા પછી, આ શહેર હવે મારા માટે એક પરિચિત સ્થળ બની ગયું છે. અમે ગુલાબી ફિલ્મનું શૂટિંગ પણ અહી જ કર્યું હતું. હું આ શોમાં એક એવી વ્યક્તિ છું જે સંજોગોને કારણે સંવેદનશીલ બને છે અને વેર વાળે છે. આ ઉત્તેજક, અને આક્રમક ભૂમિકા માટે મને પસંદ કરવા બદલ હું નિર્માતાઓની આભારી છું.

# આલિયા ભટ્ટે દિવાળી પર સિદ્ધિવિનાયક મંદિરના ફૂલોથી રંગેલી સાડી પહેરી

## આલિયાની આ સાડીમાં બનારસી પેનલ્સ પણ બનાવવામાં આવી હતી, જે ભારતના સમૃદ્ધ હસ્તકળાના વારસાને દર્શાવે છે



સામાન્ય રીતે લોકો એવું માનતા હોય છે કે સેલેબ્સ તેમના આઉટફિટ રિપીટ કરતાં નથી. પરંતુ આલિયાએ આ બાબતે ઘણી વખત કહ્યું છે કે, મારા વોર્ડ રોબમાં ૩૬૫ દિવસની અલગ અલગ ઈવેન્ટ્સના કપડાં ન હોઈ શકે. તેથી કપડાં રિપીટ કરવામાં કશું જ ખોટું નથી. તેણે પોતાના લગ્નની સાડી કે અન્ય આઉટફિટ પણ એકથી વધુ વખત રિપીટ કર્યા જ છે. તાજેતરમાં પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી રહેલી આલિયાની તસવીરો વાયરલ થઈ હતી, જેમાં તેણે ગોલ્ડન યલો કલરની સાડી પહેરી હતી. તેમજ રણબીર અને રાહાએ પણ ગોલ્ડન યલો કલરના કુર્તા પહેર્યા હતા. આલિયાની સ્ટાઈલિસ્ટ અમી પટેલ દ્વારા પોતાની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર તાજેતરમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે આલિયાની આ સાડી એક કસ્ટમ સાડી હતી, જે સસ્ટેનિબિલિટી સાથે વારસા અને હસ્તકળાના મિશ્રણનું એક ઉત્તમ ઉદાહરણ છે. આલિયાની આ સિલ્ક ઓર્ગેન્ઝા સાડી મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિરમાં ચઢાવાયેલાં ગલગોટાના ફૂલના અર્કમાંથી ડાઈ કરવામાં આવી હતી. આ જ વાત દર્શાવવા માટે આલિયાએ પોતાની હેરસ્ટાઈલમાં યલો મેરિગોલ્ડ લગાવ્યાં હતાં. તાજેતરમાં જ આલિયાને વારાસા અને સસ્ટેનિબિલિટીને મોર્ડન ટચ આપવા બદલ વોગ ઈન્ડિયા દ્વારા ક્રાફ્ટ રીવાઈવલ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો. આલિયાની આ સાડીમાં બનારસી પેનલ્સ પણ બનાવવામાં આવી હતી, જે ભારતના સમૃદ્ધ હસ્તકળાના વારસાને દર્શાવે છે. અમિ પટેલે લખ્યું હતું, “આ એક એવી કળા છે જે બહુ જ ભારે છે અથવા તો તેને પહેરવી બહુ જ નાજુક છે.

# ‘રોહિત શર્મા સાથે હું રિલેશનેશીપમાં હતી...’



ક્રિકેટરોના નામ ઘણીવાર બોલિવૂડ અભિનેત્રીઓ અથવા મોડલ્સ સાથે જોડાતા રહેતા હોય છે. ઘણાં ક્રિકેટરોએ પણ બોલીવુડ અભિનેત્રીઓ સાથે લગ્ન કર્યા છે. એક સમય એવો હતો જ્યારે રોહિત શર્માનાની એક બ્રિટિશ મોડલ સાથેના સંબંધોને લઈને ઘણી ચર્ચાઓ થતી હતી. જો કે, આ વિશે રોહિતે ક્યારેય કંઈ કહ્યું નથી. પરંતુ જે મોડલ સાથે રોહિતના સંબંધો અંગે ચર્ચાઓ થઈ હતી તેણે આ વાત સ્વીકારી લીધી છે.રોહિત શર્મા અને બ્રિટિશ મોડલ સોફિયા હયાતના સંબંધોને લઈને વર્ષ ૨૦૧૨ દરમિયાન ઘણી ચર્ચા થઈ હતી. એવો દાવો પણ કરવામાં આવ્યો હતો કે રોહિત શર્મા આ હોટ મોડલના પ્રેમમાં હતો. જો કે, રોહિતે ક્યારેય આ વાત સ્વીકારી ન હતી. પરંતુ હવે સોફિયા હયાતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને રોહિત સાથેના તેના સંબંધોનો દાવો કરતો ખુલાસો કર્યો છે.

# તનુ વેડ્સ મનુઃ ત્રીજી સીક્વલમાં કંગના રણોતના ટ્રિપલ રોલ

## માધવન એક જ રોલમાં જોવા મળશે

કંગના રણોત અને આર મધવને ૨૦૧૧ના વર્ષમાં ‘તનુ વેડ્સ મનુ’માં પહેલી વાર સાથે કામ કર્યુ હતું. આશ્ચર્યજનક રીતે આ ફિલ્મ બોક્સઓફિસ પર હિટ પુરવાર થઈ હતી. ડાયરેક્ટર આનંદ એલ. રાયએ ચાર વર્ષ બાદ ફરી તેમને ભેગા કર્યા હતા અને બ્લોકબસ્ટર ફિલ્મ આપી હતી. હિન્દીમાં લેડી હીરો ધરાવતી ફિલ્મોમાં સૌથી વધુ બિઝનેસ ‘તનુ વેડ્સ મનુ રિટર્ન્સ’ને મળ્યો હતો. હવે તેની ત્રીજી ફિલ્મ બનાવવાની તૈયારીઓ શરૂ થઈ છે. રાઈટર હિમાંશુ શર્મા અને આનંદ એલ. રાયએ સ્ક્રિપ્ટ ફાઈનલ કરી દીધી છે. તનુ વેડ્સ મનુની શરૂઆત ખૂબ જ સાહજિક અને સ્વાભાવિક રાખવામાં આવી છે. તેને વાસ્તવિક સીક્વલ બનાવવા માટે મેકર્સે પહેલો અને ત્રીજા ભાગ જ્યાં અટક્યો હતો ત્યાંથી ત્રીજી ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. અગાઉની બંને ફિલ્મોની જેમ તેમાં કોમેડી, રોમાન્સ અને ડ્રામા જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ શરૂ થવામાં ૮-૧૦ મહિના લાગી શકે છે. કંગના રણોતને ત્રીજી ફિલ્મમાં ત્રણ રોલ આપવામાં આવશે, જ્યારે માધવનનું કેરેક્ટર માત્ર એક જ રોલમાં જોવા મળશે. કંગના કરિયરમાં પહેલી વખત ટ્રિપલ રોલ કરવાની છે. ‘તનુ વેડ્સ મનુ રિટર્ન્સ’માં કંગનાના ડબલ રોલ હતા. કંગનાના ડબલ રોલ કર્યા પછી પહેલી સીક્વલને વધારે સફળતા મળી હતી. તે જ રીતે ત્રણ કર્યા પછી ત્રીજી ફિલ્મને વધારે સફળતા મળવાની અપેક્ષા ફિલ્મ મેકર્સ રાખી રહ્યા હોય તેવી શક્યતા છે. કંગના રણોત અને આર મધવને ૨૦૧૧ના વર્ષમાં ‘તનુ વેડ્સ મનુ’માં પહેલી વાર સાથે કામ કર્યુ હતું



# બોલિવૂડ અભિનેત્રી કેટરીના કૈફને તેના સાસરિયાઓએ ખાસ નામ આપ્યું

વિક્કી કૌશલ અને કેટરિના કૈફ બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સૌથી ફેવરિટ કપ્લસમાંથી એક છે. આ જોડીએ ડિસેમ્બર ૨૦૨૧માં લગ્ન કર્યા હતા. આ કપ્લસે લગ્ન સુધી પોતાના સંબંધો વિશે મૌન સેવ્યું હતું અને લગ્ન બાદ પણ પોતાના લગ્નના ફોટા શેર કરીને ચાહકોને ખુશ કર્યા હતા. કેટરિના કૈફ અને વિકી કૌશલ તેમની અદભૂત કેમેસ્ટ્રી અને એકબીજા પ્રત્યેના પ્રેમથી તેમના ચાહકોને ખુશ કરી રહ્યા છે. આ સેલિબ્રિટી કપલ માત્ર એકબીજા સાથે સારા સંબંધો જ નથી શેર કરતા, પરંતુ એકબીજાના પરિવારનો આદર કરે છે અને તેમના સાસરિયાઓ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરે છે.કેટરિના કૈફ વિકી કૌશલના માતા-પિતા સાથે દરેક તહેવાર ઉજવે છે. તાજેતરમાં અભિનેત્રીએ કરવા ચોથની તસવીરો શેર કરી હતી, જેમાં તેના પતિ વિકી સિવાય તે તેના સાસુ-સસરા સાથે પણ જોવા મળી હતી. વિકી કૌશલ પણ ઘણીવાર તેની પત્નીના પરિવાર સાથે જોવા મળે છે. વિકીનો પરિવાર પણ કેટરીનાને ખૂબ પ્રેમ કરે છે. અભિનેત્રીએ પોતે કૌશલ પરિવાર તરફથી મળતા પ્રેમ વિશે ખુલીને વાત કરી છે.૨૦૨૨માં કેટરીનાએ ખુલાસો કર્યો હતો કે તેના સાસુ-સસરા એટલે કે શામ કૌશલ અને વીણા કૌશલે પણ તેને ખૂબ જ સુંદર ઉપનામ આપ્યું છે.



# તૃપ્તિ સાથે ‘એનિમલ’ટોક બદલ સુનિલ ગ્રોવર પર ટ્રોલર્સના પ્રહાર

ફિલ્મના પ્રમોશન માટે ‘ભૂલ ભુલૈયા ૩’ના કલાકારો કાર્તિક આર્યન, તૃપ્તિ ડિમરી, વિદ્યા બાલન અને ડિરેક્ટર અનિસ બાઝમીએ કપિલ શર્માના શોમાં હાજરી આપી હતી. આ શોની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં કોમેડિયન સુનિલ ગ્રોવરનું પાત્ર ડફલી તૃપ્તિ ડિમરીને તેની ૨૦૨૩માં આવેલી રણબીર કપૂર સાથેની ફિલ્મ ‘એનિમલ’ના બોલ્ડ સીન અંગે પૂછતું દેખાય છે. ક્લિપ શરૂ થાય છે, ત્યારે સુનિલ પૂછે છે, “આપ હો જો એનિમલ પિક્ચર મેં થી?” તો તૃપ્તિ કહે છે, “જી મૈં હી થી. દેખા, મૈંને અપને ક્યા ક્યા બોલા હે મેરે બારે મેં.” ત્યાર બાદ ડફલી બોલે છે,“યે જો આપને રણબીર કપૂર કે સાથ કિયા હે, આઈ હોપ કી વો સબ શૂટિંગ થી, ઐસે અસલી મેં તો કુછ નહીં થા ના?” આ વાત પર તૃપ્તિ હસી કાઢે છે અને કહે છે કે એ બધું સાચું નહોતું.સુનિલ ગ્રોવરના આ પ્રશ્નથી સોશિયલ મીડિયા પર ઘણા લોકોને આ વાત પસંદ પડી નહોતી. શોની ટીમે તૃપ્તિને આ પ્રકારના પ્રશ્ન પૂછતાં સ્ટેજના કલાકારોને અટકાવવા જોઈએ. જ્યારે કેટલાંક લોકોએ સુનિલનો પક્ષ પણ લીધો હતો. સુનિલના પક્ષમાં દલીલ થઈ હતી કે તેણે ડફલીના રોલમાં આ શો દરિયાન રણબીર સાથે મોક વેડિંગ કર્યા હતા અને સુહાગરાત પણ મનાવી હતી.તો કેટલાંક લોકોએ તૃપ્તિના પક્ષમાં એવી દલીલ કરી હતી કે તૃપ્તિ ઈન્ડસ્ટ્રી બહારથી આવી છે, એટલે એને આવો પ્રશ્ન પૂછાયો. જો એ કોઈ સ્ટાર કિડ હોત તો એને આવા પ્રશ્ન પૂછાયા ન હોત. ઓડિયન્સે ગમાડેલી ‘ભૂલ ભુલૈયા ૩’માં કાર્તિક આર્યન, તૃપ્તિ ડિમરી, વિદ્યા બાલન, માધુરી દિક્ષિત નેને અને રાજપાલ યાદવ સિવાય આ ફિલ્મમાં વિજય રાઝ, સંજય મિશ્રા, રાજેશ શર્મા અને અશ્વિનિ કલસેકર પણ છે.



# ડિવોર્સની અટકળો વચ્ચે ઐશ્વર્યા મણિરત્નમની ફિલ્મમાં સાથે કામ કરશે

## ‘ગુરુ’ના શૂટિંગ દરમિયાન અભિષેક-ઐશ્વર્યા વચ્ચે નિકટતા વધી હતી

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનના ડિવોર્સની સતત ચાલતી અટકળો વચ્ચે તેમના ફેન્સ માટે એક રાહતના સમાચાર આવ્યા છે કે ઐશ્વર્યા અને અભિષેકને લઈને મણિરત્નમ એક ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યા છે. ઐશ્વર્યા અભિષેકની મણિરત્નમ સાથે આ ત્રીજી ફિલ્મ હશે. આ પહેલાં તેઓ ‘ગુરુ’ અને ‘રાવણ’માં સ્ટાર કપલ સાથે કામ કરી ચૂક્યા છે. મણિરત્નમ સાથે જોડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર મણિને આ ફિલ્મ માટે યોગ્ય વાર્તા પણ મળી ગઈ છે. અભિષેક આ પહેલાં ઐશ્વર્યા સહિતની બે ફિલ્મો ઉપરાંત ‘યુવા’માં પણ તેમની સાથે કામ કરી ચૂક્યો હોવાથી મણિ સાથે કામ કરવા માટે હંમેશા ઉત્સાહિત હોય છે.ચેન્નાઈથી મળી રહેલા અહેવાલો અનુસાર, આ એક હિન્દી ફિલ્મ હશે. ૨૦૦૭માં જ્યારે તેમણે પહેલી વખત આ બંને સાથે ‘ગુરુ’ બનાવી ત્યારે જ અભિષેક અને ઐશ્વર્યા એકબીજાથી નજીક આવ્યાં હતાં અને પછી એકબીજા સાથે લગ્ન કર્યા હતા. હવે જ્યારે એક તરફ તેમના સંબંધના અંતની ચર્ચાઓ અને અફવાઓ જોરશોરથી ચાલે છે, ત્યારે ફરી એક વખત મણિરત્નમ તેમને સાથે લઈને આવવાના હોવાની વાતથી તેમના ફેન્સને સારા સમાચારની આશા જાગી છે, કે ફિલ્મ સાથે આ દંપતિ તેમની વચ્ચે આવેલા મતભેદો પર પણ કામ કરી લેશે. મણિરત્નમે જ્યારે રાવણ બનાવી ત્યારે તેમણે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું, “તે બંનેમાંથી હું કોનાથી વધુ નજીક છું એ પ્રશ્ન મારા માટે અઘરો છે. મને લાગે છે કે અભિષેક અને ઐશ્વર્યા બંને મારા જીવનનો હિસ્સો છે. ગુરુ અને રાવણ પછી મારે તેમની સાથે એક હેટ્રિક પૂરી કરવી છે.” ત્યારે હવે લાગે છે કે આ ફિલ્મ પર ટૂંક સમયમાં કામ શરૂ થઈ જશે.





ઘટનામાં ૨૧ લોકોએ જીવ ગુમાવી દીધા

## પાકિસ્તાનના ક્વેટા રેલવે સ્ટેશનની નજીકમાં વિસ્ફોટ

। ઈસ્લામાબાદ, તા.૯ ।

પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ બલૂચિસ્તાનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. અહીં એક ભયાનક વિસ્ફોટની માહિતી મળી રહી છે. આ વિસ્ફોટ ક્વેટા રેલવે સ્ટેશનની નજીકમાં થયો હતો જેમાં ૨૧ લોકોએ જીવ ગુમાવી દીધા છે. જ્યારે અન્ય ૩૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. આ ઘટના સાથે જ બલૂચિસ્તાનમાં ફરી અરાજકતા ફેલાઈ છે. પાકિસ્તાની મીડિયાના અહેવાલો અનુસાર આ વિસ્ફોટ રેલવે સ્ટેશનના બુકિંગ કાર્યાલયની પાસે થયો હતો. ટ્રેન પ્લેટફોર્મ પર પહોંચે તે પહેલાં જ આ ભયાનક વિસ્ફોટ થયો હતો. જોકે વિસ્ફોટ સમયે પ્લેટફોર્મ પર પ્રવાસીઓની મોટી ભીડ હોવાને કારણે મોટાપાયે જાનહાનિ સર્જાઈ હોવાના અહેવાલ છે. પોલીસ અને બચાવકર્મીએ ઘટનાસ્થળે પહોંચીને ત્વરિત કાર્યવાહી શરૂ કરી હતી. ક્વેટાની સિવિલ હોસ્પિટલમાં પણ ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે અને વધારાના ડૉક્ટરો અને સહાયક કર્મચારીઓને તહેનાત કરી દેવામાં આવ્યા છે. રેલવેના અધિકારીઓના એહવાલ અનુસાર જાફર એક્સપ્રેસ સવારે ૯ વાગ્યે પેશાવર માટે રવાના થવાની હતી. વિસ્ફોટ થતાં જ ટ્રેનને અટકાવી દેવામાં આવી છે અને હજુ તે પ્લેટફોર્મ પર પહોંચી નથી. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે અફરાતફરીનો માહોલ સર્જાયો છે. મૃતકાંક વધવાની આશંકા વધી ગઈ છે.

### રાજસ્થાનમાં આચારસંહિતા લાગુ થયા બાદ

# સાત જિલ્લામાંથી ૯૨.૬૮ કરોડ રૂપિયાથી વધુની કિંમતની ગેરકાયદેસર સામગ્રી જપ્ત કરવામાં આવી

**ચૂંટણી પંચના ડેટા અનુસાર, સાત વિધાનસભા બેઠકો પર કુલ ૧,૮૬૨ મતદાન મથકો અને ૧૯,૩૬,૫૩૨ મતદારો છે, ચૂંટણી પંચ દ્વારા રચાયેલી ફ્લાઈંગ સ્ક્વોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ્સ અને પોલીસ જેવી એજન્સીઓ સતત સક્રિય**

। જયપુર, તા.૯ ।

રાજસ્થાનની સાત વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણીના કારણે જુદા જુદા જિલ્લાઓમાં આચારસંહિતા લાગુ છે. આચારસંહિતા લાગુ થયા બાદ અહીંની પોલીસ અને વિવિધ એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ અત્યાર સુધીમાં ૯૨.૬૮ કરોડ રૂપિયાની રોકડ અને ગેરકાયદેસર દારૂ જપ્ત કર્યો છે. મુખ્ય ચૂંટણી અધિકારી નવીન મહાજને કહ્યું કે ૧૫ ઓક્ટોબરે આદર્શ આચાર સંહિતા લાગુ થયા બાદ ચૂંટણી પ્રક્રિયાને મની પાવરના પ્રભાવથી મુક્ત રાખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચૂંટણી પંચના ડેટા અનુસાર, સાત વિધાનસભા બેઠકો પર કુલ ૧,૮૬૨ મતદાન મથકો અને ૧૯,૩૬,૫૩૨ મતદારો છે.ચૂંટણી પંચ દ્વારા રચાયેલી



ફ્લાઈંગ સ્ક્વોડ, સ્ટેટિક સર્વેલન્સ ટીમ્સ અને પોલીસ જેવી એજન્સીઓ સતત સક્રિય છે. તેમણે કહ્યું કે રાજસ્થાન પોલીસે ચૂંટણી પંચની સૂચનાઓ અનુસાર કાર્ય કરીને રાજ્ય પોલીસ અને અન્ય અમલીકરણ એજન્સીઓ વચ્ચે સૌથી વધુ ૭૬.૦૭ કરોડ રૂપિયા જપ્ત કર્યા છે. તેમણે કહ્યું કે તમામ એજન્સીઓએ સાત જિલ્લામાં કુલ ૪.૨૨ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી છે.અધિકારીઓએ જણાવ્યું કે આચારસંહિતા લાગુ થયા બાદ એજન્સીઓ વચ્ચેના પરસ્પર સંકલનના કારણે ૫.૫૨ કરોડ રૂપિયાથી વધુની કિંમતનો ગેરકાયદેસર દારૂ અને ૪૨ લાખ રૂપિયાની દવાઓ પણ જપ્ત કરવામાં આવી છે. આશરે રૂ. ૧.૨ કરોડની કિંમતની સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓ પણ જપ્ત કરવામાં આવી છે.

રાજ્યની સાત વિધાનસભા બેઠકો - ઝુનઝુનુ, દૌસા, દેવલી-ઉનિયારા, ખિંવસાર, ચૌરાસી, સલુમ્બર અને રામગઢ માટે પેટાચૂંટણી માટે મતદાન ૧૩ નવેમ્બરે થશે અને તેના પરિણામો ૨૩ નવેમ્બરે જાહેર કરવામાં આવશે. રાજ્ય વિધાનસભામાં કુલ ૨૦૦ બેઠકો છે, જેમાંથી પાંચ બેઠકો ધારાસભ્યોના સાંસદ બનવાને કારણે અને બે બેઠક ધારાસભ્યોના અવસાનને કારણે ખાલી પડી છે. જે સાત બેઠકો માટે પેટાચૂંટણી યોજાવાની છે તેમાંથી ચાર કોંગ્રેસ પાસે હતી. રાજ્ય વિધાનસભામાં હાલમાં ભારતીય જનતા પાર્ટીના ૧૧૪, કોંગ્રેસના ૬૫, ભારત આદિવાસી પાર્ટીના ત્રણ, બહુજન સમાજ પાર્ટીના બે અને રાષ્ટ્રીય લોકદળના એક ધારાસભ્ય છે. આ સિવાય આઠ અપક્ષ ધારાસભ્યો છે.ચૌરાસી, ખિંવસર, ઝુંઝુનુ અને રામગઢ બેઠકો પર સ્પર્ધા રસપ્રદ બની છે.

## પ્રેમમાં પાગલ થયેલી વહુએ સસરાને પતાવી દીધા

। ઝુંઝુનૂં, તા.૯ ।

રાજસ્થાનના ઝુંઝુનૂમાં આઠ વર્ષ પહેલા એક વૃદ્ધની હત્યાના કેસમાં મોટો ચુકાદો આપતા કોર્ટે તેમની પુત્રવધૂ સહિત ૪ આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવી છે. આ વૃદ્ધની તેની વહુએ પ્રેમ પ્રસંગમાં આડે આવતા હત્યા કરાવી નાખી હતી. ઝુંઝુનૂ કોર્ટે આ મામલામાં ચારેય આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવતાની સાથે સાથે ૨૦-૨૦ હજારનો દંડ પણ લગાવ્યો છે. સજા મેળવનારા આરોપીઓમાં વૃદ્ધની વહુ સોનૂ કુમારી સહિત તેના સાથી સુનિલ કુમાર, દીપેન્દ્ર કુમાર અને પ્રદીપ કુમાર સામેલ છે. કેસની સુનાવણી દરમ્યાન આરોપીઓના અભિયોજન પક્ષ તરફથી ૪૦ સાક્ષી અને ૧૯૧ દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યા હતા.લોક અભિયોજક ભારત ભૂષણ શર્માએ જણાવ્યું કે, ×૧૫ જુલાઈ ૨૦૧૬ના રોજ કુલ્હરિયોની ઢાણીના સોહનલાલ જાટે બિસાઉ પોલીસ સ્ટેશનમાં આ સંબંધમાં રિપોર્ટ નોંધાવ્યો હતો. તેમણે જણાવ્યું કે, તેનો પિતરાઈ ભાઈ સુભાષચંદ્ર પોસ્ટમાં કામ કરતો હતો.

## મણિપુરમાં મહિલાની સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેને જીવતી ફૂંકી મરાઈ

। મણિપુર, તા.૯ ।

મણિપુરના જિરીબામ જિલ્લાથી એક હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. મળતી માહિતી અનુસાર ૭ નવેમ્બર ગુરુવારની રાત્રે એક ૩૧ વર્ષીય આદિવાસી મહિલાની સાથે દુષ્કર્મ આચર્યા બાદ તેને જીવતી ફૂંકી મરાઈ. આ દરમિયાન હથિયારબંધ હુમલાખોરોએ ગામમાં તાબડતોડ ફાયરિંગની સાથે લૂંટ અને આગ લગાડી. હુમલાખોરોએ ૧૭ ઘરોને સળગાવીને રાખ કરી દીધા. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટનામાં પીડિતાની સાથે સામૂહિક દુષ્કર્મ અને હત્યાની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે.પોલીસે એફઆઈઆરમાં 'વંશીય અને સમુદાયના આધારે દુષ્કર્મ અને હત્યા'નો ઉલ્લેખ કર્યો છે. પીડિતાના પતિએ પોલીસને ફરિયાદ કરી અને જણાવ્યું કે આ કૃત્ય ગેરકાયદેસર ઘૂસણખોરો તરફથી કરવામાં આવ્યુ હતુ પરંતુ હુમલાખોરોની ઓળખ અત્યાર સુધી થઈ શકી નથી. પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર શંકા છે કે હુમલાખોર મણિપુરના સ્થાનિક વિસ્તારોથી હોઈ શકે છે.ઈન્ડિજિનસ ટ્રાઈબલ એડવોકેસી કમિટીએ નિવેદન જારી કરી કહ્યું કે હુમલાખોરોએ ગામમાં ઘૂસતાં જ ઘરોમાં આગ લગાડી દીધી અને ફાયરિંગ કર્યું.


### ડોનાલ્ડ ટ્રમ્પના ફરીથી ચૂંટાવાને કારણે પાકિસ્તાનમાં ભારે ગભરાટ

# ટ્રમ્પની નીતિથી પાકિસ્તાન 'લકવાગ્રસ્ત' થઈ શકે । ઈસ્લામાબાદમાં ગભરાટ ફેલાયો

**અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પ માટે આતંકવાદ પર જોરદાર હુમલો તેમની પ્રાથમિકતાઓમાંની એક છે**

। વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પના ફરીથી ચૂંટાવાને કારણે પાકિસ્તાનમાં ભારે ગભરાટ છે. ભારતીય મૂળના અમેરિકન વકીલે કહ્યું કે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની પ્રાથમિકતાઓમાં સરહદી મુદ્દાઓનો ઉકેલ લાવવા, આતંકવાદનો અંત લાવવા, બંધકોને મુક્ત કરવા અને યુદ્ધોનો અંત લાવવાનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં આતંકવાદને આશરો આપતું પાકિસ્તાન ટ્રમ્પની નીતિથી ફરી લકવાગ્રસ્ત થઈ શકે છે. તમને જણાવી દઈએ કે, ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળમાં પાકિસ્તાનને મળતું ટેરર ફંડિંગ રોકવા માટે તેને આતંકવાદી યાદીમાં મુક્યું હતું. જેના કારણે પાકિસ્તાનની આર્થિક સ્થિતિ ૪ વર્ષથી નાજુક તબક્કામાં પહોંચી ગઈ હતી. હવે એ જ ખતરો પાકિસ્તાનને ફરી પરેશાન કરવા લાગ્યો છે.ભારતીય-અમેરિકન વકીલ કાશ પટેલે ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે ફોન પર વાત કરી હતી અને યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવા અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે વિશ્વના ઘણા નેતાઓ સાથે ફોન પર વાત કરી છે. તેઓ રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ પર ટ્રમ્પના સૌથી નજીકના વિશ્વાસુઓમાંના એક છે. તેઓ નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ટ્રમ્પના નવા વહીવટ સાથે જોડાયેલા પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. "પરંતુ તમારે તે કરવું પડશે જે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભૂતકાળમાં કર્યું હતું," તેમણે કહ્યું. આ કોઈ રહસ્ય નથી.અગ્રતા એ છે કે અમારા દુશ્મનો પર ગુપ્ત માહિતી એકત્રિત કરવી જેથી અમે તે ધમકીઓને હરાવી શકીએ: ઈરાની મુલ્લાઓ અને આતંકના પ્રાયોજકો.



**સિદ્દિકીના હત્યા કેસમાં ચોંકાવનારો ખુલાસો**

## બાબા સિદ્દિકીની હત્યા બાદ બિશ્નોઈ ગેંગના નિશાને હતા વધુ એક નેતા

**વધુ એક નેતાને પણ મારી નાખવાની યોજના બનાવીને ગેંગ સાથે સંકળાયેલા શૂટરોને ગુનાને અંજામ આપવાની જવાબદારી આપી**

। મુંબઈ, તા.૯ ।

એનસીપી નેતા બાબા સિદ્દિકીના હત્યા કેસ મામલે મુંબઈ ક્રાઈમ બ્રાંચે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. જેમાં મુંબઈ પોલીસે દાવો કર્યો છે કે, બાબા સિદ્દીકીની હત્યા બાદ પૂણેના વધુ એક નેતા બિશ્નોઈ ગેંગના નજરમાં હતા. જેમાં ગેંગ વધુ એક નેતાને પણ મારી નાખવાની યોજના બનાવીને ગેંગ સાથે સંકળાયેલા શૂટરોને ગુનાને અંજામ આપવાની જવાબદારી આપી હતી.મુંબઈ ક્રાઈમ બ્રાંચના વરિષ્ઠ અધિકારી પાસેથી મળતી માહિતી પ્રમાણે, મુંબઈ ક્રાઈમ બ્રાંચ દ્વારા એક પિસ્તોલ જપ્ત કર્યા બાદ સમગ્ર ઘટના અંગે ખુલાસો થયો. જો કે, ક્રાઈમ બ્રાંચે આ નેતાના નામનો ખુલાસો કર્યો નથી. બિશ્નોઈ ગેંગના કાવતરાંની જાણ ક્રાઈમ બ્રાંચે પૂણે પોલીસને જાણકારી આપી હતી. સમગ્ર ઘટનાને લઈને પોલીસ વધુ તપાસ કરી રહી છે કે, આરોપીએ રેકી કરી છે કે નહીં. બાબા સિદ્દિકી હત્યા કેસમાં ક્રાઈમ બ્રાંચે શુક્રવારે ગૌરવ વિલાસ અપુને નામના શૂટરની ધરપકડ કરી. તપાસમાં જાણવા મળ્યું હતું કે, બિશ્નોઈ ગેંગ તરફથી બાબા સિદ્દિકીની હત્યા કરવા માટે બનાવેલા પ્લાન બી તરીકે રહેલો શૂટર ગૌરવ ઝારખંડમાં ફાયરિંગની પ્રેક્ટિસ કરવા ગયો હતો. શૂટરે ખુલાસો કર્યો કે, જો પ્લાન એ નિષ્ફળ જાત તો તેના બેક-અપ માટે પ્લાન બી તૈયાર કરવામાં આવ્યો હતો. અગાઉ પકડાયેલો આરોપી રૂપેશ મોહોલ પણ ફાયરિંગની પ્રક્ટિસ કરવા માટે ગૌરવ સાથે ઝારખંડ ગયો હતો.

### ન્યૂઝ બ્રિફ




## અભિનેતા અનુપમ ખેરની ફિલ્મ 'વિજય ૬૯' રીલીઝ

। મુંબઈ, તા.૯ ।

અભિનેતા અનુપમ ખેર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કોઈ પ્રેરણાથી ઓછા નથી. તેણે પોતાના કરિયરમાં ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. અભિનેતાએ આ સમયગાળા દરમિયાન વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવી છે. હવે તે ખૂબ જ અનોખા પાત્ર સાથે લોકો સમક્ષ આવવા માટે તૈયાર છે. તેની આગામી ફિલ્મ ફૈદ્ધટ્ઠઅ ૬૯ રિલીઝ થઈ ગઈ છે.રિલીઝ થયેલી ફિલ્મ 'વિજય ૬૯' માટે લોકોમાં ચર્ચાનો વિષય છે. ફિલ્મ 'વિજય ૬૯' પ્લેટફોર્મ ફ્રીકફ્રેટ પર રિલીઝ થઈ છે. આ ફિલ્મમાં અનુપમ ખેરે ૬૯ વર્ષીય વિજય મેથ્યુનું પાત્ર ભજવ્યું છે, જે આ ઉંમરે પોતાનું સપનું પૂરું કરવા માંગે છે. જો તમારું પણ કોઈ સપનું છે અને તેને પૂરું કરવા માંગો છો તો તમને આ ફિલ્મ ગમશે. આ ફિલ્મનો વિષય છે કે એક ૬૯ વર્ષીય વ્યક્તિની ભૂમિકા ભજવી રહ્યો છે જે જીવનમાં પોતાને શોધવા માંગે છે, પોતાને અજમાવવા માંગે છે.

## યુપીમાં વંદે ભારત એક્સપ્રેસની સામે બાઇક છોડી ભાગ્યો યુવક

। પ્રયાગરાજ, તા. ૯ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આશ્ચર્યજનક ઘટના બની છે. અહીં એક યુવક પાટા પર આવી રહેલી વંદે ભારત એક્સપ્રેસની સામે પોતાનું બાઈક છોડીને ભાગી ગયો હતો. જેના કારણે ટ્રેન અને બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ. ત્યારબાદ આ બાઈક વંદે ભારત ટ્રેનના એન્જીનમાં ફસાઈ ગઈ અને લાંબા અંતર સુધી ઢસડાતી રહી. સદ્ભાગ્યે વંદે ભારત ટ્રેન પાટા પરથી ઉતરી નહીં અને મોટી દુર્ઘટનાથી બચી ગઈ.આ ઘટના શુક્રવારે સાંજે ૪.૨૦ કલાકે બની હતી. વંદે ભારત વારાણસીથી પ્રયાગરાજ જંક્શન તરફ આગળ વધી રહી હતી. ઝાંસી સ્ટેશન નજીક બંધવા તાહિરપુર રેલવે અંડરપાસ પર કેટલાક યુવકો બાઈક સાથે રેલવે ટ્રેક ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન સામેથી વંદે ભારત આવતી દેખાતાં એક યુવક રેલવે ટ્રેક પર બાઈક મૂકીને ભાગી ગયો હતો. બાઈક સાથે જોરદાર ટક્કર બાદ વંદે ભારતમાં બેઠેલા મુસાફરોને આંચકો લાગ્યો હતો.બાઈક ખેંચવાનો જોરદાર અવાજ આવવા લાગ્યો.

## ધુમ્મસમાં લપેટાયેલી દિલ્હી: હવામાં ઝેર વધી રહ્યું છે, શ્વાસ લેવાનું જોખમ

। નવીદિલ્હી, તા.૯ ।

રાજધાની દિલ્હીની હવા છેલ્લા ઘણા દિવસોથી ઝેરી બની છે. વધતા પ્રદૂષણને કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. ઘણા વિસ્તારોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ(એકયુઆઈ) ૪૦૦ સુધી પહોંચી ગયો છે.ૅસેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા અનુસાર, આજે સવારે આનંદ વિહારમાં એકયુઆઈ ૪૧૫, મુંડકામાં ૪૨૮, બવાનામાં ૪૪૦, અશોક વિહાર ૪૧૮,આઈટીઓ ૩૪૯, જહાંગીરપુરી ૪૩૭, રોહિણી ૪૩૯, નજફગઢ ૩૭૪, આરકેપુરમાં ૪૬૦, પંજાબી ૬૦૪૦ હતો. , સોનિયા વિહાર ૪૦૪, દ્વારકા સેક્ટર ૮માં ૩૯૧ નોંધાયા છે.

## યુપીના બે ગઠિયાએ ૫૦૦ રૂપિયાની નકલી નોટો બનાવી

। સોનભદ્ર, તા.૯ ।

ઉત્તર પ્રદેશના સોનભદ્રથી ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. અહીં અમુક ફ્રોડ લોકો યુટ્યૂબ પર વીડિયો જોઈને નકલી નોટ છાપવાની રીત શીખી રહ્યાં હતાં. આ લોકો અસલી નોટ જેવી બતાવવા માટે ૧૦ રૂપિયાના સ્ટેમ્પ પેપરનો ઉપયોગ કરી રહ્યાં હતાં. પોલીસે બે આરોપીઓની ધરપકડ કરીને તેમની પાસેથી ૫૦૦-૫૦૦ રૂપિયાની લગભગ ૧૦,૦૦૦ રૂપિયાની નકલી નોટ જપ્ત કરી છે. નોટ છાપવામાં ઉપયોગ થનાર પ્રિન્ટર, લેપટોપ અને અન્ય સાધન પણ જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસને બાતમીદારથી માહિતી મળી હતી કે નકલી નોટનો ધંધો કરનાર અમુક લોકો રામગઢ બજાર વિસ્તારમાં છે. માહિતીના આધારે પોલીસે તાત્કાલિક દરોડા પાડ્યા અને ઘટના સ્થળેથી બે લોકોની ધરપકડ કરી લીધી. પકડાયેલા આરોપીઓની ઓળખ પ્રમોદ મિશ્રા અને સતીશ રાય તરીકે થઈ છે. પોલીસનું કહેવું છે કે આ આરોપીઓએ યુ-ટ્યૂબથી નકલી નોટ બનાવવાની રીત શીખી. પોલીસનો દાવો છે કે અત્યાર સુધી આ આરોપીઓએ લગભગ ૩૦,૦૦૦ રૂપિયાની નકલી નોટ બજારમાં ફરતી કરી દીધી છે.

**પાકિસ્તાનને આપ્યો જડબાતોડ જવાબ** | **ભારત પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓના જવાબમાં જવાબ આપવાનો પોતાનો અધિકાર પસંદ કરે છે**

# કાશ્મીર ભારતનું છે અને રહેશે : સુધાંશુ ત્રિવેદી

। નવી દિલ્હી, તા.૯ ।

સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાને ફરી એક વાર કાશ્મીરને લઈને હક જતાવવાની કોશિશ કરી. તેમણે એલઓસી પર યૂએનના પર્વક્ષક સમૂહ યૂએનએમઓજીઆઈપીની માગ કરવાની કોશિશ કરી. તેના પર યૂએનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા પહોંચેલા રાજ્યસભાના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જવાબ આપ્યો હતો. તેમણે ચર્ચા દરમ્યાન પાકિસ્તાન વારંવાર જમ્મુ કાશ્મીરનો મુદ્દો ઉછાળવાની કોશિશ કરી. ત્રિવેદીએ પાકિસ્તાન પર મંચને ગુમરાહ કરવા માટે




નિવેદનબાજી અનો જુઠાણુ ફેલાવાનો આરોપ લગાવ્યો.ત્રિવેદીએ કહ્યું કે, ભારત પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓના જવાબમાં જવાબ આપવાનો પોતાનો અધિકાર પસંદ કરે છે. જેણે ફરી એક વાર આ પ્રતિષ્ઠિત સંસ્થાને તેના એજન્ડાથી ભટકાવવાનો પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનની આ નાપાક હરકત પર ત્રિવેદીએ ભારતની દ્રઢ સ્થિતિને વાગોળતા કહ્યું કે, કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હતું અને રહેશે. ત્રિવેદીએ પાકિસ્તાનને આવા નિવેદનોથી દૂર રહેવાનો આગ્રહ કર્યો. તેમણે ભાર આપીને કહ્યું કે, પાકિસ્તાન તરફથી વારંવાર બૂમો પાડવાથી તથ્યો બદલાઈ જશે નહીં. ત્રિવેદીએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના લોકોએ હાલમાં જ પોતાના લોકતાંત્રિક અને ચૂંટણી અધિકારનો ઉપયોગ કર્યો અને એક નવી સરકાર ચૂંટી છે. પાકિસ્તાનને આવી નિવેદનબાજી અને જૂઠાણાથી દૂર રહેવું જોઈએ, કારણ કે તેનાથી તથ્યો બદલાશે નહીં. વાસ્તવમાં, ભારતની પ્રતિક્રિયા પાકિસ્તાની પ્રતિનિધિની ટિપ્પણી પછી આવી છે, જેણે ભારત અને પાકિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્રના લશ્કરી નિરીક્ષક જૂથ (UNMOGIP) વિશે વાત કરી હતી. UNMOGIPની સ્થાપના મૂળ નિયંત્રણ રેખા (LOC) પર યુદ્ધવિરામના ઉલ્લંઘન પર નજર રાખવા માટે કરવામાં આવી હતી. ભારતની દલીલ છે કે UNMOGIP હવે અપ્રસ્તુત બની ગયું છે.

### તેને વૈશ્વિક મહાસત્તા કહેવી જોઈએ : પુતિન

# રશિયન વ્લાદિમીર રાષ્ટ્રપતિ પુતિને ભારતને ગણાવ્યો 'મહાન દેશ'

## પુતિને પોતાના સંબોધનમાં કહ્યું કે અમે ભારત સાથેના અમારા સંબંધોને વિવિધ ક્ષેત્રોમાં વિકસાવી રહ્યા છીએ

। નવી દિલ્હી, તા.૯ ।

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફરી એકવાર ભારતના વખાણ કર્યા છે અને કહ્યું છે કે ભારત અને રશિયા વચ્ચે સહયોગ સતત વધી રહ્યો છે. પુતિને ભારતને એક મહાન દેશ ગણાવ્યો અને કહ્યું કે ભારતની આર્થિક પ્રગતિ અને તેની વિશાળતાને ધ્યાનમાં રાખીને તેને વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ કરવું જોઈએ. પુતિને રશિયાના સોચી શહેરમાં વાલ્ડાઈ ડિસ્કશન ક્લબ નામની ઈવેન્ટમાં પોતાના સંબોધન દરમિયાન આ વાત કહી.પુતિને પોતાના સંબોધનમાં કહ્યું કે 'અમે ભારત સાથેના અમારા સંબંધોને વિવિધ ક્ષેત્રોમાં વિકસાવી રહ્યા છીએ. ભારત એક મહાન દેશ છે. આર્થિક વૃદ્ધિની દ્રષ્ટિએ તે મુખ્ય અર્થતંત્રોમાં પણ અગ્રણી છે. તેનો જીડીપી ૭.૪ ટકાના દરે વધી રહ્યો છે. રશિયા અને ભારત વચ્ચે દર વર્ષે સહકાર વધી રહ્યો છે. પુતિને સોવિયત સંઘના સમયથી ભારત સાથેના રશિયાના સંબંધો વિશે વાત કરી અને બંને દેશો વચ્ચેના સંબંધોને ખૂબ જ ખાસ ગણાવ્યા. પુતિને કહ્યું કે ભારતની આઝાદીમાં સોવિયત સંઘે પણ ભૂમિકા ભજવી હતી.પુતિને કહ્યું કે 'ભારતને વૈશ્વિક મહાસત્તાઓની યાદીમાં સામેલ કરવું જોઈએ. તે દોઢ અબજ લોકોનો દેશ છે અને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંનો એક છે. તેની સંસ્કૃતિ ખૂબ જ પ્રાચીન છે અને ભવિષ્યમાં વિકાસની અપાર સંભાવનાઓ ધરાવે છે.રશિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને રશિયા સંરક્ષણ ક્ષેત્રમાં પણ સહયોગ વધારી રહ્યા છે. તેમણે કહ્યું કે ભારતીય દળો પાસે ઘણા રશિયન હથિયારો છે. આ બંને દેશો વચ્ચેનો વિશ્વાસ દર્શાવે છે. અમે અમારા શસ્ત્રો માત્ર ભારતને જ વેચતા નથી પરંતુ અમે તેને એકસાથે ડિઝાઈન પણ કરીએ છીએ.

### વડાપ્રધાને મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલીને સંબોધી

# દેશમાં ઓબીસી પ્રધાનમંત્રી છે તે કોંગ્રેસને હજમ નથી થતું : મોદી

## મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાને રાખતા મહારાષ્ટ્રમાં વડાપ્રધાન મોદીએ આપ્યો એક રહેંગે તો સેફ રહેંગેનો નારો, કોંગ્રેસ લોકોને જાતિઓમાં વહેંચવા માગે છે : મોદીએ કોંગ્રેસ પર કર્યા પ્રહાર

। મુંબઈ, તા.૯ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને ધ્યાને રાખતા હાલના દિવસોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક બાદ એક ચૂંટણી રેલીઓ કરી રહ્યા છે. શનિવારે (૯ નવેમ્બર) મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી રેલીને સંબોધી હતી, આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર ભારે પ્રહાર કર્યા હતા. આ દરમિયાન તેમણે 'એક રહેંગે તો સેફ રહેંગે'નો નારો વારંવાર દોહરાવ્યો હતો. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસ દેશમાં લોકોને જાતિઓમાં વહેંચવા માગે છે. એટલા માટે આપણે એક રહીશું તો સેફ રહીશું.



'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, છેલ્લા કેટલક દાયકાથી કોંગ્રેસનો જનાધાર સતત ઓછો થઈ રહ્યો છે. સૌથી મોટું કારણ છે કે સમાજની એકતા. પરંતુ કોંગ્રેસ એસસી, એસટી અને ઓબીસીને અલગ અલગ જાતિઓમાં વહેંચવા માગે છે. જ્યાં સુધી અલગ અલગ જાતિઓમાં વહેંચાયેલા રહ્યા ત્યાં સુધી કોંગ્રેસ મજબૂત રહી અને કેન્દ્રમાં સરકાર બનાવતી રહી. આ જ કોંગ્રેસની રાજનીતિ છે.

ઓબીસી અંગે વાત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ ઈચ્છે છે કે ઓબીસી જાતિઓ એકબીજા સાથે લડતી રહે. કોંગ્રેસને એ હજમ નથી થતું કે છેલ્લા ૧૦ વર્ષોથી દેશમાં એક ઓબીસી પ્રધાનમંત્રી છે. તે સૌને સાથે લઈને ચાલી રહ્યાં છે. એટલા માટે તેઓ ઓબીસીની ઓળખ ખતમ કરીને અલગ અલગ જાતિઓમાં વહેંચવાનો ખેલ ખેલી રહી છે. કોંગ્રેસ મોટા સમૂહ વાળા ઓબીસીથી કોઈની ઓળખ છીનવીને તેને નાના નાના સમૂહો વાળી અલગ અલગ જાતિઓમાં વહેંચી દેવા માંગે છે.

કોંગ્રેસે ઓબીસીને નાના નાના સમહૂમાં તોડીને એકબીજા સાથે લડાવવીને તમારાથી મોટા સમૂહવાળી તેની જે ઓળખ બની છે, તાકાત ઉભી થઈ છે. તેને બરબાદ કરવા માગે છે, છીનવવા માગે છે, તોડવા માગે છે. તમે યાદ રાખજો તમે અલગ અલગ જાતિમાં વહેંચાશો તો તમારી સંખ્યા ઓછી થશે. કોંગ્રેસ વાળા તમારું અનામત છીનવશે. એ જ પ્રયાસ નહેરુજીથી લઈને રાજીવ ગાંધી સુધી સૌએ કર્યા હતી.

### ન્યૂઝ બ્રિફ




**શાહિર શેખે આ ફિલ્મ દ્વારા બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી**

## કૃતિ સેનનની 'દો પત્તી' પર કોપી કરવાનો આરોપ

। નવીદિલ્હી, તા.૯ ।

કૃતિ સેનન અને કાજોલ સ્ટારર ફિલ્મ 'દો પત્તી' નેટફ્લિક્સ પર રિલીઝ થઈ છે. આ એક સસ્પેન્સ થ્રિલર ફિલ્મ છે, જેને દર્શક ખૂબ પસંદ કરી રહ્યાં છે. શાહિર શેખે આ ફિલ્મ દ્વારા બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. પરંતુ હાલમાં આ ફિલ્મ કેટલાક વિવાદોનો સામનો કરી રહી છે.હકીકતમાં, મેકર્સ પર ફિલ્મના એક ગીતને લઈને ચોરીનો આરોપ છે.ટી સીરીજ ભારતના સૌથી મોટા મ્યુઝિક લેબલોમાંની એક છે, જે હાલમાં વિવાદોમાં આવી છે. સંગીતકાર નિલાંજના ઘોષ દસ્તીદારે ટી-સિરીઝ અને મ્યુઝિક ડાયરેક્ટર સચેત-પરંપરા પર તેમના પતિ રાજર્ષિ મિત્તરના ગીત માટેનો ટ્રેક ચોરી કરવાનો આરોપ લગાવ્યો છે. દસ્તીદારે પોતાનો ગુસ્સો કાઢવા માટે સોશિયલ મીડિયાનો સહારો લીધો. તેમણે આરોપીઓ સામે કાર્યવાહીની માંગ કરી અને પુરાવા તરીકે મિત્તરના ઓરિજિનલ ટ્રેકની લિંક પણ શેર કરી છે.



## નેહા ધૂપિયાની દીકરીની પ્રિ-બર્થ-ડે પાર્ટીમાં સ્ટાર્સે હાજરી આપી હતી

। મુંબઇ, તા.૯ ।

બોલિવૂડ કલાકારો નેહા ધૂપિયા અને અંગદ બેટીએ ગઈકાલે રાત્રે તેમની પુત્રી મેહર ધૂપિયા બેદી માટે પ્રી-બર્થ ડે પાર્ટીનું આયોજન કર્યું હતું. તેમણે આ ફંક્શનમાં ઘણી મોટી હસ્તીઓને પણ આમંત્રિત કર્યા હતા. આ પાર્ટીમાં ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને તેની પત્ની બોલિવૂડ એક્ટ્રેસ અનુષ્કા શર્માએ પણ હાજરી આપી હતી. આ દરમિયાન વિરાટ અને અનુષ્કાએ પાપારાઝીની સામે પોઝ પણ આપ્યા હતા. આ સિવાય વિરાટે ફેન્સ સાથે સેલ્ફી માટે પોઝ પણ આપ્યો હતો. લાંબા સમય બાદ બંનેને ભારતમાં એકસાથે જોઈને ફેન્સ ખૂબ જ ઉત્સાહિત થઈ ગયા હતા.વિરાટ-અનુષ્કા ઉપરાંત કરીના કપૂર-સૈફ અલી ખાન તેમના પુત્ર જેહ સાથે, કરણ જોહર તેમના બાળકો યશ અને રૂહી સાથે, સોહા અલી ખાન-કુણાલ ખેમુ તેમની પુત્રી ઈનાયા સાથે અને હાર્દિક પંડ્યાની પૂર્વ પત્ની નતાસા સ્ટેનકોવિક તેમના પુત્ર અગસ્ત્ય સાથે પણ છે. આ પાર્ટીમાં હાજર હતા. બધા કલાકારો એકદમ કેઝ્યુઅલ લુકમાં હતા.

## સુનિતા વિલિયમ્સ દરરોજ ૧૬ સૂર્યોદય અને સૂર્યાસ્ત નિહાળે છે

। વોશિગ્ટન, તા.૯ ।

ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહેતા નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ દરરોજ ૧૬ વાર સૂર્યાસ્ત અને સૂર્યોદયનો અનુભવ કરે છે. જો કે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર સવાર અવકાશયાત્રીઓ માટે સૂર્યોદય અને સૂર્યાસ્ત એ દિવસમાં એક વખતની ઘટના નથી. તે ૧૬ વખત થાય છે. સુનિતા વિલિયમ્સ જૂન ૨૦૨૩થી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર તૈનાત છે, તેમને બોઈંગના સ્ટારલાઈનર સાથેસમસ્યાઓના કારણે પૃથ્વી પર પાછા ફરવામાં વિલંબનો સામનો કરવો પડો.૨૦૧૩ માં સુનિતા વિલિયમ્સે જાહેર કયુ કે તેમને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર એક દિવસમાં ૧૬ સૂર્યોદય અને ૧૬ સૂર્યાસ્ત જોવાની અનન્ય તક મળી હતી. ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પરના અવકાશયાત્રીઓ દિવસ અને રાતની આશ્ચર્યજનક અને અસામાન્ય વિવિધતા અનુભવે છે, જે પૃથ્વીથી સંપૂર્ણપણે અલગ છે. યારે પૃથ્વી પર, આપણે દરરોજ એક સૂર્યાસ્ત અને સૂર્યોદયનો અનુભવ કરીએ છીએ, અવકાશયાત્રીઓ માત્ર ૨૪ કલાકના સમયગાળામાં ૧૬ જેટલા સૂર્યોદય અને સૂર્યાસ્તનો સામનો કરી શકે છે.

### અખિલેશ યાદવના યોગી પર આડકતરા પ્રહાર

## કોઈ વ્યક્તિ વસ્ત્રથી નહીં વચનથી યોગી બને છે : અખિલેશ યાદવ

**અખિલેશે કહ્યું કે એન્કાઉન્ટર કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે : હવે તે વધુ દિવસો સત્તામાં નહીં ટકે**

। લખનૌ, તા.૯ ।

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ફરી એકવાર સીએમ યોગી આદિત્યનાથને આડેહાથ લેતાં આકરા પ્રહારો કર્યા હતા. લખનઉમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધતાં અખિલેશે કહ્યું કે એક્રાઉન્ટર કરનારાઓનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. હવે તે વધુ દિવસો સત્તામાં નહીં ટકે. અખિલેશ યાદવે આક્રમક અંદાજમાં સીધા સીએમ યોગીને નિશાને લેતા કહ્યું કે, 'સંત સમાજ વચ્ચે ઝઘડા કરાવતા જઈ રહ્યા છે, જે પોતાના કરતાં કોઈને મોટા માનતા જ નથી એ કેવા 'યોગી' છે? જેટલા મોટા સંત હોય તે એટલું ઓછું બોલે છે અને બોલે તો પણ જનકલ્યાણ માટે જ બોલે છે, જેના વચન પ્રવચન માની લેવાય છે. જ્યારે અહીં તો બધું જ ઉલટું છે. અખિલેશે કહ્યું કે જે પ્રકારની ભાષાનો પ્રયોગ થઈ રહ્યો છે તેનાથી લાગે છે કે તેમની યોગ્યતા વિશે તમારે અને મારે જાણવું જોઈએ. કોઈ વ્યક્તિ વસ્ત્રોથી નહીં પણ વચનથી યોગી બને છે. આ આઝાદીનો નહીં પણ બર્બાદીનો અમૃતકાળ છે અને નકારાત્મક લોકોનો પણ. અમારે ત્યાં એવું મનાય છે કે જે જેટલો મોટો જ્ઞાની હોય તે એટલો જ ચૂપ રહે છે. એટલે જ તો અમારે ત્યાં મૌની અને મુનિની પરંપરા છે અને કળીયુગમાં બધું ઉલટું થઈ રહ્યું છે. મૃતભાષી આજકાલ વાચાળ બની ગયા છે, જ્યારે મૃદુભાષી કટુવાચી બની ગાય છે... પરોપકારી લોકો અત્યાચારીનું કામ કરી રહ્યા છે. સીએમ યોગીનું નામ લીધા વિશે અખિલેશ યાદવે કહ્યું કે જેમનું કામ સરકાર ચલાવવાનું છે એ તો બુલડોઝર ચલાવી રહ્યા છે.

### બંગાળની ખાડીમાં ભારે હલચલ

# દક્ષિણ ભારતમાં અનેક રાજ્યોમાં આંધી અને તોફાન સાથે વરસાદની આગાહી

## બંગાળની ખાડી પર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે જેનાથી અનેક રાજ્યોમાં વરસાદ પડી શકે છે, સમુદ્રની સપાટીથી ૩.૬ કિમી ઉપર સુધી ફેલાયું

। નવી દિલ્હી, તા.૯ ।

ઉત્તર ભારતમાં જ્યાં ધીરે ધીરે ઠંડી દસ્તક આપી રહી છે ત્યાં દક્ષિણ ભારતમાં વરસાદનો સિલસિલો હજુ પણ ચાલુ જોવા મળી રહ્યો છે. મેદાની વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થયો છે અને ત્યારબાદ ઠંડી વધી રહી છે. જ્યારે પહાડી વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયેલું છે.



બંગાળની ખાડી પર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે જેનાથી અનેક રાજ્યોમાં વરસાદ પડી શકે છે. આ ઉપરાંત ગુજરાત માટે પણ હવામાન વિભાગ અને અંબાલાલે શું આગાહી કરેલી છે જાણો લેટેસ્ટ અપડેટ.

બંગાળની ખાડીની દક્ષિણ પશ્ચિમમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે. જે હવે સમુદ્રની સપાટીથી ૩.૬ કિમી ઉપર સુધી ફેલાયું છે. તેના પ્રભાવથી બંગાળની ખાડી પર આગામી કેટલાક કલાકોમાં લો પ્રેશર એરિયા બને તેવી શક્યતા છે. આગામી બે દિવસ સુધીમાં તે તમિલનાડુ અને શ્રીલંકાના કાંઠા વિસ્તારો તરફ આગળ વધે તેવા એંધાણ છે. જેનાથી અનેક રાજ્યોમાં તેજ તોફાન સાથે વરસાદ પડી શકે છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યાં મુજબ ૧૪ નવેમ્બર સુધી કેરળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, પુડુચેરીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ અપાયેલું છે. કેરળના તિરુવનંતપુરમ, કોલ્લમ, પથાનામથિટ્ટા, અલપુઝા, કોટ્ટાયમ, એર્નાકુલમ, અને ઈડુક્કી જિલ્લા માટે યલ્લો એલર્ટ અપાયું છે. પુડુચેરીના માહે, યનમ, કરાઈકલમાં પણ વરસાદી એલર્ટ છે. આ ઉપરાંત કર્ણાટકના કેટલાક ભાગોમાં પણ વરસાદ પડી શકે છે.હવામાન વિભાગે તોફાની હવા અને ખરાબ હવામાન જોતા માછીમારોને કેરળ-લક્ષદ્વીપ તટ પર માછલી પકડવા ન જવાની સલાહ આપી છે.

## 'ક્રાઈમ પેટ્રોલ'ના ફેમસ ટીવી એક્ટર નીતિન ચૌહાણે આત્મહત્યા કરી

। મુંબઇ, તા.૯ ।

પ્રખ્યાત ટીવી એક્ટર નીતિન ચૌહાણ આજે આપણી વચ્ચે નથી. તેણે કોઈ કારણોસર આપઘાત કર્યો છે. આ જાણકારી નીતિનના પૂર્વ કો-સ્ટારે એક પોસ્ટ દ્વારા આપી છે. રિયાલિટી શો દાદાગીરી ૨ ના વિજેતા પ્રખ્યાત ટીવી અભિનેતા નીતિન ચૌહાણનું ગુરુવારે મુંબઈમાં અવસાન થયું. તે માત્ર ૩૫ વર્ષનો હતો. નીતિન યુપીના અલીગઢ જિલ્લાનો રહેવાસી હતો. શો દાદાગીરી ૨ ઉપરાંત, નીતિને સ્પ્લિટ્સવિલાની સીઝન ૫ પણ જીતી હતી.અભિનેતા નીતિન યુપીના અલીગઢનો રહેવાસી હતો અને તેણે રિયાલિટી શો 'દાદગીરી ૨' જીતીને ઘણી ઓળખ મેળવી હતી.

## ભાજપના ધારાસભ્ય સરકારી અધિકારીઓ ઉપર ભડક્યાં

। જયપુર, તા.૯ ।

રાજસ્થાનની ભજનલાલ સરકારમાં સુનાવણી ન થવાના કારણે ભાજપના ધારાસભ્યોમાં પોતાની જ સરકાર પ્રતિ અસંતોષ વધી રહ્યો છે. અજમેરમાં મંત્રીની સામે જ ભાજપ ધારાસભ્ય અનિતા ભદેલ ગુસ્સે થઈ ગયાં હતી. ભદેલે આરોપ લગાવ્યો કે, અધિકારીઓ ભ્રષ્ટ છે. પૈસા લઈને કામ કરે છે.

ગુસ્સે થયેલા અનિતા ભદેલે કહ્યું કે, જો આવું જ ચાલશે તો હું મારીશ. હકીકતમાં શહેરી વિકાસ અને સ્વ-સરકારી મંત્રી ઝાબર સિંહ ખર્રા અજમેરમાં જનતા સુનાવણી માટે ગયા હતાં. અહીં અજમેર દક્ષિણની ધારાસભ્ય અનિતા ભદેલ ગુસ્સે થઈ ગયાં. ધારાસભ્યએ કહ્યું કે, અધિકારી કોઈ ભૂલ વિના લોકોના ઘર અને ગાડાઉન સીઝ કરી રહ્યાં છે. ધારાસભ્યએ કહ્યું કે, ન તો નોટિસ આપવામાં આવી રહી છે અને ન તો કાગળ જોવામાં આવી રહ્યાં છે. ગેસ ગોડાઉન સીઝ હોવાના કારણે ૧૫ હજાર ગ્રાહકો પરેશાન છે. બધાંની પાસે માન્ય કાગળ છે. પરંતુ, ડેપ્યુટિ કમિશનર સહિત કોઈપણ અધિકારી ધારાસભ્યનો ફોન નથી ઉપાડતા.

### ભારતીય વિદ્યાર્થીઓને થશે મોટી અસર

### કેનેડાએ અચાનક એક મોટો નિર્ણય લેતા લાખો ભારતીય અને અન્ય ૧૩ દેશોના વિદ્યાર્થીઓ માટે મોટી મુશ્કેલી ઉભી કરી દીધી

# કેનેડાએ પોતાની એસડીએસ સિસ્ટમને અચાનક બંધ કરી

। ઓટાવા, તા.૯ ।

કેનેડાએ શુક્રવારે એટલે કે ૮ નવેમ્બર ૨૦૨૪થી પોતાની સ્ટૂડેન્ટ ડાયરેક્ટ સ્ટ્રીમ (એસડીએસ) સિસ્ટમને અચાનક બંધ કરી દીધી છે. કેનેડાના આ નિર્ણય બાદ ફાસ્ટ ટ્રેક સ્ટડી પરમિટ વિઝા પણ ખતમ થઈ ગયા છે. આ સિસ્ટમ હેઠળ હજારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને જલ્દીથી વિઝા મેળવવામાં મદદ મળી હતી. જોકે, આ પ્રક્રિયા હેઠળ અમુક શરતો અનિવાર્ય હતી પરંતુ વિદ્યાર્થીને તેનાથી થોડાક જ સમયની અંદર વિદ્યા પરમિટ મળી જતી હતી. કેનેડા સરકારે તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે 'પ્રોગ્રામની અખંડિતતાને મજબૂત કરવા, વિદ્યાર્થીઓની નબળાઈઓને દૂર કરવા અને તમામ વિદ્યાર્થીઓને અરજી પ્રક્રિયામાં ન્યાયી અને વાજબી એક્સેસ પ્રદાન કરવા




માટે આ પહેલ બંધ કરવામાં આવી રહી છે.'૨૦૧૮ માં શરૂ કરાયેલ ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા દ્વારા એસસીએસ નો હેતુ બ્રાઝિલ, ચીન, કોલંબિયા, કોસ્ટા રિકા, ભારત, મોરોક્કો, પાકિસ્તાન, પેરુ, ફિલિપાઈન્સ સહિતના ૧૪ દેશોના વિદ્યાર્થીઓ માટે વિઝા અરજી પ્રક્રિયાને સરળ કરવાનો હતો. જો કે, કેટલીક આવશ્યકતાઓને પૂર્ણ કરવાની હતી. જેમ કે ઈ૨૦,૬૩૫ ઝછઢ મૂલ્યનું કેનેડિયન ગેરંટીડ ઈન્વેસ્ટમેન્ટ સર્ટિફિકેટ અને અંગ્રેજી અથવા ફ્રેન્ચ ભાષાના ટેસ્ટ સ્કોર્સ સામેલ હતો. આ પ્રક્રિયા દ્વારા સ્ટડી વિઝા થોડાક જ સમયમાં મેળવી શકાતા હતા. આ યોજના હેઠળ ૮ નવેમ્બરે બપોરે ૨ વાગ્યા સુધી મળેલી અરજીઓને આગળ વધારવામાં આવશે, ત્યારબાદ મળનાર તમામ અરજીઓ પર નિયમિત રીતે પરમિટ સ્ટ્રીમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ કાર્યક્રમ બંધ થવાથી ભારત અને ૧૩ અન્ય દેશોના વિદ્યાર્થીઓને સૌથી લાંબી વિઝા પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.

**૬૦ ટકા જેટલો ભારે ઘટાડો** | **એક સમયે ખીચોખીચ જોવા મળતા બીચો પર શાંતિ છવાઈ ગઈ છે : સ્થાનિક વેપારીઓ ચિંતામાં પડી ગયા**

# ગોવા આવતા વિદેશી પર્યટકોની સંખ્યામાં અચાનક કેમ તોતિંગ ઘટાડો

। ગોવા, તા.૯ ।

દેશમાં પર્યટકોનું મનપસંદ એવા ગોવામાં અચાનક વિદેશી પ્રવાસીઓ ઘટી કેવી રીતે ગયા? રાજ્યમાં વિદેશી પર્યટકોના આગમનમાં ૬૦ ટકા જેટલો ભારે ઘટાડો જોવા મળ્યો છે. એક સમયે ખીચોખીચ જોવા મળતા બીચો પર શાંતિ છવાઈ ગઈ છે. આ સાથે જ સ્થાનિક વેપારીઓ પોતાના વ્યવસાયના ભવિષ્યને લઈને પણ ચિંતામાં પડી ગયા છે.



રમણીય બીચોથી લઈને યુનિક સાંસ્કૃતિક મિશ્રણ સુધી ગોવા દાયકાઓથી ભારત આવતા વિદેશી પ્રવાસીઓ માટે રજાઓમાં ફરવા માટે મનગમતા સ્થળોની યાદીમાં સામેલ રહ્યું છે. ગોવાએ દર વર્ષે દુનિયાભરના પર્યટકોને આકર્ષિત કર્યા છે. પરંતુ હાલના દિવસોમાં આ રાજ્યમાં પર્યટન ઉદ્યોગ ખતરાની ઝપેટમાં જોવા મળી રહ્યો છે. કારણ કે પર્યટક ક્ષેત્ર રાજ્યની અર્થવ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ બની ચૂક્યો છે.

સ્થાનિક દૈનિક ઓહેરાલ્ડોના જણાવ્યાં મુજબ વર્ષ ૨૦૧૯માં ગોવાએ લગભગ ૯.૪ લાખ વિદેશી પર્યટકોને આવકાર્યા હતા પરંતુ વર્ષ ૨૦૨૩ના નવેમ્બર સુધીમાં આ આંકડો અડધા કરતા પણ વધુ ઘટીને ફક્ત ૪.૦૩ લાખ રહી ગયો. જ્યારે ગોવામાં પર્યટનનો ઘણો ખરો હિસ્સો વિદેશી પર્યટકો પર નિર્ભર છે.

ગોવાના એક સ્થાનિક વેપારી રામાનુજ મુખર્જીએ વિદેશી પર્યટકોની સંખ્યામાં મોટા ઘટાડાને દર્શાવતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું કે વિદેશી પર્યટકોએ પહેલેથી જ રાજ્યને છોડી દીધુ છે. રશિયન અને બ્રિટિશ જે વાર્ષિક આવતા હતા તેમણે હવે તેમની જગ્યાએ શ્રીલંકાને પસંદ કર્યું છે. તેમની પોસ્ટને ૨ મિલિયનથી વધુ વાર જોવામાં આવી છે. ત્યારે સમજવું પડે કે આખરે કેમ વિદેશી પર્યટકો ગોવાથી દૂર જઈ રહ્યા છે.તેનું મોટું કારણ શું છે. ગોવાના પર્યટન ઉદ્યોગને સ્થાનિકલોકો ટેક્સી માફિયા કહેવાતા સમૂહથી અપ્રત્યાશિત પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે.

CMYK

## ભાવનગરના સાલોલી ગામની વાડીમાં ગાંજાનો જથ્થો ઝડપાયો

। ભાવનગર, તા.૯ ।

રાજ્યમાં દારૂના દુષણ સાથે ચરસ ગાંજો તથા અન્ય નશીલા પદાર્થોની હેરાફેરી સાથે સેવન વધ્યું છે. જેમાં ભાવનગરમાં ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. ભાવનગર એસઓજીને માહિતી મળી હતી કે સાલોલી ગામની વાડીમાં ગાંજાનો જથ્થો રાખવામાં આવ્યો છે.આ માહિતીને આધારે પોલીસે સાલોલી ગામની વાડી વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી.જેમાં જીતુ કામળીયા નામની વ્યક્તિની વાડીમાંથી ગાંજો ઝડપ્યો હતો. પોલીસે વાડીમાંથી ગાંજાના ૧૦ નંગ લીલા છોડ કબજે કર્યા હતા. આ અંગે જીંર કોન્સ્ટેબલ જયરાજસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી.આ અંગે બગદાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંદાવવામાં આવી છે. પોલીસે આરોપીને અટકમાં લઈને વધુ તપાસ હાથ ધરી છે.

### રાજ્યના ધોરણ-૧થી ૫નો ડ્રોપ આઉટ રેટ ૧.૧૭

# રાજ્યના ૭.૫૮ લાખ અનટ્રેસ-ડ્રોપ આઉટ બાળકોને શોધવા સર્વે કરાશે

**ડ્રોપ આઉટ અને અનટ્રેસ બાળકોને શોધવાની કામગીરીનો સર્વે ૩૦ નવેમ્બર સુધી પૂર્ણ કરાશે**

। માહિતી બ્યુરો,અમદાવાદ, તા.૯ ।

રાજ્યના ૭.૫૮ લાખ જેટલા અનટ્રેસ અને ડ્રોપઆઉટ બાળકોનો સર્વે કરી તેમને પુનઃ શાળામાં દાખલ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આવા બાળકોનો સર્વે કરવા માટે સુચના અપાઈ છે. આ માટે ૩૦ નવેમ્બર સુધીમાં તમામ પ્રકારની કામગીરી પુર્ણ કરવા આદેશ આપવામાં આવ્યો છે. અગાઉ ઓક્ટોબર અને એપ્રિલ દરમિયાન સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૧.૧૫ લાખ બાળકોની એન્ટ્રી કરવામાં આવી હતી. આમ, છતાં હજુ મોટી સંખ્યામાં બાળકો અનટ્રેક હોવાથી તેમનો સર્વે કરવા માટે જણાવાયું છે. પ્રાપ્ત માહિતી



અનુસાર, સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદાજુદા કારણોથી શાળા બહાર રહેલા ૬થી ૧૯ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધોરણ-૧થી ૧૨નું શિક્ષણ પુર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના બાળકોનો સર્વે કરી તેમના શૈક્ષણિક પુનર્વસનની કામગીરી કરવામાં આવે છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે, જે અન્વયે બાળકોનો સર્વે કરીને બાળકોની વયને અનુરૂપ શૈક્ષણિક પુનઃ વસન અને જરૂર પડે તો ખાસ તાલીમ આપવામાં આવે છે. શિક્ષણ વિભાગના ડાયસના ડેટા મુજબ પ્રારંભિકથી માધ્યમિક કક્ષાનો ટ્રાન્ઝીશનરેટ ઓછો છે. ધોરણ-૬થી ૮ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ડ્રોપઆઉટ રેટ વધારે છે, આ બાળકોને મુખ્યધારામાં લાવવા માટે બાળકોનો સર્વે કરવા માટે આદેશ અપાયો છે. રાજ્યના ધોરણ-૧થી ૫નો ડ્રોપ આઉટ રેટ ૧.૧૭, ધોરણ-૧થી ૭નો ડ્રોપ આઉટ રેટ ૨.૬૮, ધોરણ-૯થી ૧૦નો ડ્રોપ આઉટ રેટ ૨૩.૨૮ અને ધોરણ-૧૧થી ૧૨નો ડ્રોપ આઉટ રેટ ૬.૧૯ છે. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકની વયકક્ષા મુજબ જે તે ધોરણમાં નામાંકનના પ્રયાસો કરવામાં આવે છે.

**દિવાળીના તહેવારમાં દારૂની રેલમછેલ**

**અમદાવાદ-ગાંધીનગરની ૨૫ જેટલી લીકર પરમિટવાળી હોટલોમાંથી અંદાજે ચાર કરોડનો દારૂ વેચાઈ ગયો છે**

# પરમિટ ધારકોએ દિવાળીમાં કરોડો રૂપિયાનો દારૂ પીધો

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ ।

સમગ્ર રાજ્યમાં લોકોએ નવા વર્ષની ભવ્ય ઉજવણી કરી હતી. દિવાળીના તહેવારોમાં જ રાજ્યમાં દારૂ ઘુસાડવાનું પ્રમાણ વધી જય છે. દિવાળી, જન્માષ્ટમી જેવા તહેવાર સમયે પણ બુટલેગરો એક્ટિવ બની અવનવા નુસ્ખા અપનાવી ગુજરાતમાં અલગ અલગ જિલ્લામાં દારૂ ઘુસાડવા પ્રયત્ન કરતા હોય છે. પરંતુ ડ્રાય સ્ટેટ ગુજરાતમાં મેડિકલ ઉપરાંત અન્ય કેટલાક કારણોસર દારુ પીવાની મંજુરી આપવામાં આવે છે, એવામ રાજ્યમાં દારૂ પીવા માટે પરમીટ ધરવતા લોકોની સંખ્યમાં વધારો થઈ રહ્યો છે. દિવાળીના તહેવારો દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરની ૨૫ જેટલી લીકર પરમિટવાળી હોટલોમાંથી અંદાજે ચાર કરોડ રૂપિયાનો દારૂ વેચાઈ ગયો છે.દિવાળીના તહેવારો શરૂ થતાં જ લિકર પરમિટ ધરાવતા લોકો હોટલોમાંથી દારૂની બોટલો અને બિયર લેવા તૂટી પડયા હતા. પ્રોહીબિશનના જ કેટલાક અધિકારીઓ વહીવટદાર તરીકે કામ કરીને બીજાની પરમીટનો ઉપયોગ કરીને દારૂની બોટલો મેળવી રહ્યા છે. અમદાવાદમાં સી.જી.રોડ, સુભાષ બ્રિજ, મીઠાખળી, કોમર્સ છ રસ્તા, સિંધુ ભવન રોડ, એસ.જી. હાઈવે અને ગાંધીનગરની મળીને ૨૫ હોટલોને લિકરની પરમીટ આપવામાં આવી છે.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya